RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૬ શુક્રવાર તા.૦૨-૧૦-૨૦૨૬ અંક : ૨૩૩ વર્ષ : ૨૧ jamnagar@aaspassaindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

MY CITY PRIDE






# શહેર આપણું છે,

## તો સ્વચ્છતાની જવાબદારી પણ આપણી છે

હવે તો કાયદો પણ કહે છે, સફાઈ આપણા સહુની જવાબદારી.

મહાનગરપાલિકા/નગરપાલિકા વિસ્તારમાં કચરો જોવા મળે તો ફોટો લઈએ, લોકેશન મોકલીએ અને વોટ્સએપ ચેટબોટ પર જાણ કરીએ




**ફોટો મોકલો**
ગંદકી હોય તે સ્થળનો ફોટો મોકલો

**લોકેશન શેર કરો**
સ્થળનું લોકેશન મોકલો

**ફરિયાદ નોંધાવો**
તમારી ફરિયાદ તાત્કાલિક નોંધાશે

**સ્વચ્છતા નિશ્ચિત**
તાત્કાલિક સફાઈ કાર્યવાહી શરૂ થશે

વોટ્સએપ પર અમને Hi મેસેજ કરો અને વિગત ભરો (ફોટો + લોકેશન + વર્ણન)

QR કોડ સ્કેન કરો અને ચેટબોટ સાથે જોડાઓ

## સંપર્ક માટે: 76228 80000

"આપણે નક્કી કરવું જોઈએ - કચરો નહીં ફેલાવીએ. ઘર હોય, બહાર હોય કે આસપાસનો વિસ્તાર, સ્વચ્છતા સાથે ક્યારેય સમાધાન નહીં કરીએ."
**- નરેન્દ્રભાઈ મોદી,** વડાપ્રધાન

"સ્વચ્છતા આપણી જીવનશૈલી બનવી જોઈએ. નાનાં ગામડાંઓથી લઈને મોટાં શહેરો સુધી, 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા'નો મંત્ર ચોમેર ગૂંજવો જોઈએ."
**- ભૂપેન્દ્રભાઈ પટેલ,** મુખ્યમંત્રી, ગુજરાત

"પોતાના શહેરને સ્વચ્છ રાખવામાં પાલિકાના પ્રયાસોમાં સહભાગી થવું એ દરેક નાગરિકની નૈતિક ફરજ છે."
**- હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**મારો કચરો, મારી જવાબદારી** | સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત /sbmugujarat /sbmugujarat /swachhgujarat www.sbmu-gujarat.in

# જામનગરમાં મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી મહાનુભાવો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પણ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં આજે ગાંધી જયંતિ નિમિત્તે ચાંદી બજાર વિસ્તારમાં આવેલી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ગાંધી જયંતિના પાવન દિવસે મહાનુભાવોએ બાપુના જીવન અને તેમના સત્ય, અહિંસા તથા સ્વચ્છતાના સંદેશને યાદ કર્યા હતા. આ પ્રસંગે રાજ્યના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા, પર્યાવરણ તથા વાહન વ્યવહાર મંત્રી પ્રવીણભાઈ માળી, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મેયર મોનિકાબેન વ્યાસ, શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી, જિલ્લા કલેક્ટર પરિમલ પંડ્યા, મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, શાસક પક્ષના નેતા અમર મોદી, દંડક પ્રવીણિકબેન રૂપડીયા સહિત શહેરના રાજકીય આગેવાનો અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ મહાત્મા ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી ગાંધીજીના રાષ્ટ્રપ્રેમ, સાદગી અને અહિંસાના આદર્શોને સ્મરણ કર્યા હતા.

# લાલપુર નજીક ઝાંખરના પાટીયા પાસે ખાણ ખનીજ વિભાગ ત્રાટક્યું

## ગેરકાયદે ખનન-વહન કરનાર ૩ ડમ્પર સહિત રૂ. ૮૫ લાખનો મુદામાલ જપ્ત



જામનગર : જામનગર જિલ્લામાં ખનીજ ચોરો પર ખાણ-ખનીજ વિભાગની તવાઈ યથાવત છે. આજે લાલપુર પંથકમાં ટીમ ત્રાટકી હતી અને ગેરકાયદે ખનીજ ખનન-વહન બદલ ૩ ડમ્પર સહિત રૂ. ૮૫ લાખનો મુદામાલ જપ્ત કરી દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જામનગર ભૂસ્તરશાસ્ત્રી સૂચનાથી ખાણ-ખનીજ વિભાગની ટીમ દ્વારા લાલપુર તાલુકાના ઝાંખર પાટીયાથી પડાણાને જોડતા માર્ગ પર ચેકિંગ હાથ ધરાયુ હતું. તંત્રના ઓચિંતા દરોડા દરમિયાન તપાસ હાથ ધરતા ૦૩ ડમ્પર બ્લેકટ્રેપ ખનિજનું વહન કરતા મળી આવ્યા હતા. તપાસ દરમિયાન એક ડમ્પરમાંથી બિનઅધિકૃત રીતે બ્લેકટ્રેપ (કાળો પથ્થર) ખનિજનું વહન કરતા હોવાનું કારસ્તાન ઉઘાડું પડ્યું હતું. જ્યારે અન્ય બે ડમ્પર રોયલ્ટી પાસ કરતા વધુ ઓવરલોડ વહન કરતા હોવાનું સામે આવતા ટીમ દ્વારા આશરે ૩ ડમ્પર સહિત ૮૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી રાજશ્રી સ્ટોન ક્રશર ખાતે કબ્જો સોંપવામાં આવ્યો હતો અને આગળની દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી હતી. તંત્રની અવિરત કામગીરીને લઈને ખનીજ ચોરોમાં ફફડાટ ફેલાયો હતો.

# જામનગરના ભાનુશાળી વાડમાં જર્જરિત મકાનની છત ધરાશાયી

## દંપતી સહિત વૃદ્ધ મહિલાનો ચમત્કારિક બચાવ, સામાન્ય ઈજા થતાં હોસ્પિટલ ખસેડાયા



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં ખીજડા મંદિર નજીક આવેલી ભાનુશાળી વાડની શેરી નંબર-૫માં ગઈકાલ ગુરુવારે એક જૂનવાણી અને જર્જરિત મકાનની છત અચાનક ધડાકાભેર ધરાશાયી થતાં અફડાતફડી મચી ગઈ હતી.

આ મકાનમાં કનૈયાલાલ ખંધાણી, તેમના પત્ની ઈલાબેન તેમજ વૃદ્ધ અફસાનાબેન હાજર હતા. દરમિયાન અચાનક છતનો મોટો હિસ્સો ભારે ધડાકા સાથે નીચે તૂટી પડ્યો હતો. ઘટનાના પગલે ઘરમાં હાજર લોકોમાં ગભરાટ ફેલાયો હતો.

છત ધરાશાયી થતાં ત્રણેયને સામાન્ય ઈજાઓ પહોંચતા આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ ન હતી અને દંપતી સહિત વૃદ્ધ મહિલાનો ચમત્કારિક બચાવ થયો હતો.

# ખટિયા પાટિયા પાસે ટ્રક પલટી જતાં શ્રમિક યુવાનનું મોત, બે ગંભીર

## કાલાવડ પંથકમાંથી મગફળીનો ભૂકો ભરી પસાર થતી વેળાએ સર્જાઈ દુર્ઘટન



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર સમાણા રોડ પર આવેલા ખટિયા પાટિયા નજીક ગંભીર અકસ્માતની ઘટનાને પગલે રોડ વધૂ એક વખત લોહિયાળ બન્યો હતો. પશુનો ચારો ભરેલો બેકાબૂ ટ્રક એકાએક પલટી મારી જતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એક વ્યક્તિનું મોત અને અન્ય ૪ લોકોને ઈજા થયાનું સામે આવ્યું છે.

કાલાવડ પંથકમાંથી આઈસર (મીની ટ્રક)માં મગફળીનો ભૂકો ભરી આઈસર લઈ ખટિયા ગામ નજીકથી પસાર થઈ રહ્યા હતા આ વેળાએ ડ્રાઈવર જુમાભાઈએ કોઈ કારણસર કાબૂ ગુમાવતાં ટ્રક પલટી ગયો હતો. આ અકસ્માતમાં માલદેભાઈ રામજીભાઈ વાઘેલા (આશરે ઉ.વ.૩૦) નામના યુવકને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું. તેના મોટા ભાઈ વીરમભાઈ રામજીભાઈ વાઘેલા (ઉ.વ. ૩૨) અને ડ્રાઈવર જુમાભાઈને પણ ગંભીર ઈજાઓ પહોંચતા બંનેની સ્થિતિ નાજુક હોવાનું પ્રથમીક દ્રષ્ટિએ સામે આવ્યું છે. આ ઉપરાંત અન્ય ચાર વ્યક્તિઓને નાની-મોટી ઈજાઓ થતાં હોસ્પિટલ ખસેડાયા હતા. અકસ્માતની જાણ થતાં લાલપુર પોલીસનો કાફલો ઘટનાસ્થળે તેમજ સરકારી હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

# દ્વારકાધીશ મંદિર ખાતે કેપ્ટન સ્મિત મછારના સ્વાસ્થ્ય માટે પ્રાર્થના



દ્વારકા : ફ્લાય દુબઈની FZ1073 ફ્લાઈટમાં ૧૭૪ મુસાફરો સવાર હતા મુસાફરી દરમિયાન સર્જાયેલી ગંભીર પરિસ્થિતિમાં ફ્લાઈટના કેપ્ટન સ્મિત મછાર પર હુમલો થયો હતો. ગંભીર રીતે ઘાયલ થવા છતાં તેમણે અદમ્ય હિંમત અને સમયસૂચકતા દાખવી કૉકપિટનો દરવાજો ખોલવામાં મદદ કરી, જેના પરિણામે મુસાફરો અને ક્રૂ સભ્યોને હુમલાખોરને કાબૂમાં લેવામાં મદદ મળી અને વિમાનને સુરક્ષિત રીતે તબૂક એરપોર્ટ પર ઉતારી શકાયું.

આ સાહસિક ઘટનામાં ૧૭૪ મુસાફરોના જીવનને બચાવવામાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ રહી. કેપ્ટન સ્મિત મછારના ઝડપી સ્વાસ્થ્યલાભ અને સંપૂર્ણ આરોગ્ય માટે ગઈકાલે સાંજે ૭:૩૦ કલાકે શ્રી દ્વારકાધીશ મંદિર ટ્રસ્ટ, દ્વારકા દ્વારા તથા પૂજારીના સાનિધ્યમાં પાદુકા પૂજન કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી દ્વારકાધીશજીના શ્રીચરણોમાં વિશેષ પ્રાર્થના કરી કેપ્ટન સ્મિત મછારને વહેલી તકે સંપૂર્ણ સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના કરવામાં આવી.

# લાલપુરના કાનાલુસ ગામે યુવકે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

જામનગર : લાલપુર તાલુકાના કાનાલુસ ગામની સીમમાં આવેલી એલ-૮ કોલોનીમાં રહેતા એક પરપ્રાંતીય શ્રમિકે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા મેઘપર (પડાણા) પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ, મૂળ ઉત્તર પ્રદેશના ફતેહપુર જિલ્લાના રહેવાસી અને હાલ કાનાલુસની એલ-૮ કોલોનીમાં રહેતા અભયસિંઘ કરૂણન્દ્રસિંઘ નામના ૨૫ વર્ષીય યુવાન પોતાના રૂમમાં હતો. આ દરમિયાન રૂમનો દરવાજો બંધ કરી રૂમમાં એંગલ સાથે લગાવેલા પંખામાં દોરી બાંધી બાલ્ટી ઉપર ચડી ગળાફાંસો ખાઈ લીધો હતો. બનાવની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી. આ અંગે મરણ જનારના સાથી શ્રમિક અતરસિંઘ રામકુમાર યાદવે જાણ કરતાં મેઘપર (પડાણા) પોલીસ મથકમાં બી.એન.એસ.એસ. કલમ-૧૯૪ મુજબ અકસ્માતે મોતનોંધ કરી વધુ તપાસ એ.એસ.આઈ. વી.સી. જાડેજાએ હાથ ધરી છે.

# સતાપર ગામે પરિણીતાએ કામે જવાની ના પાડતા પતિ, સાસુ-સસરાએ માર માર્યો

## તબિયત ખરાબ હોવા છતાં ઢીકાપાટુનો માર મારતા જૂનાગઢની સરકારી હોસ્પિટલમાં ખસેડાઈ

જામનગર : જામજોધપુર તાલુકાના સતાપર ગામની સીમમાં રહેતી ૪૫ વર્ષીય મંજુબેન ડાભીએ પોતાના પતિ દીપકભાઈ ડાભી, સાસુ શારદાબેન અને સસરા ગગુભાઈ સામે મારામારી, દુ:ખ-ત્રાસ તથા જાનથી મારી નાખવાની ધમકી અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, મંજુબેનના લગ્ન આશરે વીસ વર્ષ પહેલાં સતાપર ગામના દીપકભાઈ સાથે થયા હતા અને સંતાનમાં બે દીકરી તથા એક દીકરો છે. છેલ્લા કેટલાક સમયથી પતિ તેમના પર ખોટી શંકા કરી અવારનવાર બોલાચાલી અને ઝઘડો કરતા હોવાનો તેમજ સાસુ-સસરા પણ પતિને સાથ આપી દુ:ખ-ત્રાસ આપતા હતા.

ગત તા. ૨૯ના રોજ સવારે મંજુબેન ઘરે હતા ત્યારે પતિએ કડિયા કામે જવાનું કહેતાં તેમણે તબિયત સારી ન હોવાથી આવવાની ના પાડી હતી. આથી પતિ ઉશ્કેરાઈ ગયા હતા અને ઝઘડો કરી ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. દરમિયાન સાસુ શારદાબેન અને સસરા ગગુભાઈ પણ ત્યાં આવી ગયા હતા અને ઝઘડો કરી ધક્કામુક્કી તથા માર માર્યો હતો. મારને કારણે મંજુબેન નીચે પડી જતાં માથાના પાછળના ભાગે મૂઢ ઈજા થઈ હતી.

દરમ્યાન બૂમાબૂમ થતાં આસપાસના લોકો દોડી આવી તેમને છોડાવ્યા હતા. ત્યારબાદ પતિ, સાસુ અને સસરાએ ગાળો આપી અહીં રહીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતાં મંજુબેન ઘરેથી નીકળી ગયા હતા. તેઓ જૂનાગઢ ખાતે રહેતા પોતાના ભાઈ નિલેશભાઈ પાસે પહોંચ્યા બાદ તબિયત બગડતાં તેમને જૂનાગઢની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

આ અંગે મંજુબેને ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ દીપકભાઈ ડાભી, સાસુ શારદાબેન અને સસરા ગગુભાઈ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## અલ્પેશ દોંગા આણી મંડળી સામે વધુ એક ફરિયાદ

# કાલાવડના માખા કરોડ ગામના પ્રૌઢની ખેતીની જમીનનો દસ્તાવેજ મહિલાના નામે કરાવી લીધો

## વ્યાજે આપેલ રકમ વસુલી લીધી બાદ સિક્યુરિટી પેટે દસ્તાવેજ છે તેમ જણાવી વિશ્વાસઘાત કર્યો

જામનગર : મુળ કાલાવડ તાબેના માખા કરોડ ગામના અને હાલ ગોંડલ ખાતે રહેતા પ્રૌઢની વતનમાં આવેલી ખેતીની જમીનના સિક્યુરિટી પેટે દસ્તાવેજ હોવાનું જણાવી રૂ. ૪૮ હજારની રકમનું માસિક ૩ ટકા લેખે વ્યાજ વસૂલી બાદ પઠાણી ઉઘરાણી કરી પ્રૌઢની ખેતીની જમીનનો જાન્યુઆરી ૨૦૨૨ થી જુલાઈ ૨૦૨૨ દરમિયાન કાલાવડની સબ રજીસ્ટર કચેરીમાં દસ્તાવેજ મહિલાના નામે કરી વિશ્વાસઘાત કરતા અલ્પેશ દોંગા આણી મંડળી સામે પ્રૌઢ દ્વારા કાલાવડ શહેર પોલીસ દફતરે વિધિવત ફરિયાદ દાખલ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે અને સ્થાનિક પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મળતી માહિતી મુજબ મુળ કાલાવડ તાલુકાના માખા કરોડ ગામના ધનજીભાઈ હીરાભાઈ મોરી નામના પ્રૌઢ હાલ ભાડાના મકાનમાં ગોંડલમાં ખોડીયાર નગર ખાતે રહેતા હોઈ તેઓની સાથે અલ્પેશ દોંગા, નિમેશ બાબુભાઈ રામાણી, અમિત પટેલ, બાબુભાઈ નરસીભાઈ રામાણી અને ભારતીબેન રમેશભાઈ પરસાણા નામના શખ્સોએ પૂર્વ આયોજિત કાવત્રુ રચી સમાન ઈરાદો પૂરો પાડવા ધનજીભાઈ મોરીની નાણાકીય ભીંસ અને લાચારી નો ગેરલાભ ઉઠાવી તેઓને અલ્પેશ દોંગાએ પોતાની પટેલ ઈન્વેસ્ટમેન્ટ નામની રાજકોટ ખાતે આવેલી ઓફિસે બોલાવેલ અને તેઓની વતન માખા કરોડ ગામની ખેતીની જમીનનો સિક્યુરિટી પેટે દસ્તાવેજ છે તેમ કહીને દસ્તાવેજ કરાવડાવી ધનજીભાઈ મોરી પાસેથી માસિક ૩ ટકા વ્યાજની પઠાણી ઉઘરાણી કરી તેઓની જમીનનો દસ્તાવેજ ભારતીબેન રમેશભાઈ પરસાણાના નામે કરાવડાવી નાખી ગુન્હાહિત વિશ્વાસઘાત કરી અમિત પટેલે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

ઉપરાંત ધનજીભાઈ મોરી પાસેથી ખાનગી બેન્કનો કોરો ચેક બળજબરીપૂર્વક કઢાવી લઈ અમિત તથા નિમેષ બાબુભાઈ રામાણીએ ધનજીભાઈ મોરી ની જમીન નો પહેલો દસ્તાવેજ રદ કરાવી આપવાનું કહી ખેતીની જમીનનો દસ્તાવેજ ફરીથી બાબુભાઈ નરશીભાઈ રામાણીના નામે કરાવડાવી વિશ્વાસઘાત કરવા સબબ ધનજીભાઈ મોરીએ કાલાવડ ટાઉન પોલીસમાં અલ્પેશ દોંગા આણી મંડળી સામે ફરિયાદ નોંધાવી છે. નોંધનીય છે કે અલ્પેશ દોંગા આણી મંડળી સામે ધોખાધડીના અગાઉ ગુન્હા પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા છે તેવામાં વધુ એક ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે.

# કાલાવડ નજીક પીઠડિયા ગામે ઝેરી દવા પી યુવતીએ કર્યો આપઘાત

જામનગર : કાલાવડ તાલુકાના પીઠડિયા-૧ ગામની સીમમાં વાડી વિસ્તારમાં રહેતી એક યુવતીએ કોઈ કારણસર ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત વિગત મુજબ, મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના રહેવાસી અને હાલ પીઠડિયા-૧ ગામમાં ખેતમજૂરી કરતા નવલસિંહ મેથુ ભુરીયાની ૧૯ વર્ષીય પુત્રી આશાબેને તા.૨૯ના રોજ જેન્તીભાઈ ડાચાભાઈ દોમડીયાની વાડી ખાતે કોઈ કારણસર ઝેરી દવા પી લીધી હતી. જેથી તેને હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે કાલાવડ ગ્રામ્ય પોલીસે બી.એન.એસ.એસ. કલમ-૧૯૪ મુજબ અકસ્માતે મોત નોંધ કરી વધુ તપાસ પો.હેડ.કોન્સ. એન.કે. છેયાએ હાથ ધરી છે.

# પડાણા નજીક કારમાંથી દારૂની ૪૧ બોટલી મળી આવતા શખ્સની અટકાયત



જામનગર : જામનગર-જામખંભાળિયા હાઈવે પર આવેલા લાલપુર તાલુકાના પડાણા પાટીયા પાસે પોલીસે દારૂની ૪૧ બોટલ સાથે એક શખ્સને દબોચી લીધો હતો. પોલીસે દારૂ અને ઈક્કો કાર સહિત કુલ રૂ. ૩.૭૦ લાખનો મુદામાલ કબજે કરી બે શખ્સો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘપર પોલીસ સ્ટાફ પડાણા પાટીયા પાસે વાહન ચેકિંગમા હતો આ દરમિયાન ઈક્કો કાર નં. જીજે-૩૭-એમ-૮૧૭૧ને અટકાવી તપાસ કરતાં કારમાંથી દારૂની ૪૧ બોટલ, કિંમત રૂ. ૨૦,૭૦૫ મળી આવી હતી. દારૂના જથ્થા સાથે પોલીસે ઉગમણા બારા ગામે સસ્તા અનાજની દુકાન પાસે રહેતા વિરેન્દ્રસિંહ ઉર્ફે વીરૂ ઓઘુભા જાડેજા (ઉ.વ. ૨૫)ને પકડી પાડ્યો હતો. તપાસમાં આ દારૂ જોગવડ ગામે પાણીના પ્લાન્ટ પાસે રહેતા મહિપતસિંહ ઉર્ફે ધમભા અનોપસિંહ જેઠવા પાસેથી મેળવ્યો હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે બંને શખ્સો સામે પ્રોહિબિશન ધારા હેઠળ કાર્યવાહી કરી ફરાર શખ્સની તપાસ આરંભી છે.

# જામનગરના ૫૫ સફાઈ કામદારોની કરાઈ કાયમી નિમણુંક

## ટાઉનહોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મંત્રીએ રૂ.૧૭.૫૩ કરોડના વિવિધ વિકાસ પ્રકલ્પોના કાર્ય ઈ-ખાતમુહૂર્ત



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલાના અધ્યક્ષ સ્થાને ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાયો જતો. જેમાં મંત્રીના હસ્તે જામનગરના ૫૫ સફાઈ કામદારોને કાયમી નિમણૂક આદેશ એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરાંત વિવિધ ૪ વિકાસ પ્રકલ્પોના ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં મંત્રીએ જણાવ્યુ હતું કે, સફાઈ કર્મચારીઓને કાયમી નિમણૂક મળવી તેમના જીવનમાં નવી આશા અને સુરક્ષાનો પ્રારંભ છે. અવેજી તરીકે સફાઈ કામગીરી સાથે જોડાતા કર્મચારીના મનમાં એક આશા હોય છે કે ક્યારે તેઓ કાયમી થશે. આ આશા સાથે તેઓ પોતાની ફરજ નિષ્ઠા અને પ્રમાણિકતાથી બજાવતા રહે છે. આજે ૫૫ સફાઈ કર્મચારીઓને કાયમી નિમણૂકના આદેશ મળતા તેમના પરિવારોમાં દિવાળીના તહેવાર જેવો આનંદ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ તમામ કર્મચારીઓ અને તેમના પરિવારજનોને મંત્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી. કાયમી નોકરી મળવાથી કર્મચારીને માત્ર રોજગારીની સ્થિરતા જ નહી, પરંતુ તેમના પરિવારને પણ આર્થિક સુરક્ષા અને ઉજ્જવળ ભવિષ્યનો આધાર મળે છે.

અવેજી તરીકે સફાઈ કામગીરી કરી રહેલા અન્ય કર્મચારીઓને પણ જામનગર શહેરને સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ રાખવા માટે નિષ્ઠા તથા સંપૂર્ણ સમર્પણ સાથે કામગીરી કરવા અનુરોધ કરતાં મંત્રીશ્રીએ ભવિષ્યમાં તેમને પણ કાયમી નિમણૂકનો લાભ મળે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વચ્છતાને માત્ર સફાઈ કર્મચારીઓની જવાબદારી ન ગણાવીને સમગ્ર સમાજની સહિયારી જવાબદારી બનાવી છે. તેમણે પોતે હાથમાં ઝાડુ પકડીને સ્વચ્છતા અભિયાનમાં જોડાઈને દેશવાસીઓને સંદેશ આપ્યો છે કે સ્વચ્છતા કોઈ એક વર્ગ કે સમાજનું કામ નથી, પરંતુ દરેક નાગરિકની ફરજ છે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી સહિતની સરકાર સમાજના સામાન્ય અને નાના વર્ગના લોકોના હિત અને કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ છે. સરકાર દ્વારા સફાઈ કર્મચારીઓ સહિતના કર્મચારીઓને સન્માન અને સુરક્ષા મળે તે માટે વિવિધ સ્તરે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. સમાજના દરેક વર્ગને આગળ વધવાની તક મળે અને દરેક પરિવારનું જીવન વધુ સુખાકારીભર્યું બને તે દિશામાં સતત કામગીરી થઈ રહી છે.

કાર્યક્રમમાં મંત્રીના હસ્તે જામનગર મહાનગરપાલિકા અને જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ હસ્તકના કુલ રૂ.૧૭.૫૩ કરોડના ૪ વિકાસ કામોનું ઈ- ખાતમુહૂર્ત જેમાં વોર્ડ નં-૧૧માં ટી.પી.સ્કીમ નં.૬ માં સી.સી. રોડનું રૂ.૧.૧૧ કરોડનું કામ, વોર્ડ નં-૧૧ હાપા ટી.પી. સ્કીમ-૨માં અર્બન હેલ્થ સેન્ટર માટે રૂ.૧.૦૭ કરોડનું બિલ્ડીંગ, વોર્ડ નં-૧૨ ઘાંચીવાડ વિસ્તારમાં અર્બન હેલ્થ સેન્ટર માટે રૂ.૧.૬૧ કરોડનું બિલ્ડીંગ અને જામનગર-ખંભાળિયા હાઈવેથી ગ્લોબલ ટ્રેડિશનલ મેડીસીન સેન્ટર સુધીના એપ્રોચ રસ્તા પર રોડ ડેવલોપમેન્ટનું રૂ.૧૩.૭૨ કરોડના કામોનો સમાવેશ થાય છે.

કાર્યક્રમમાં ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરી, ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, જામનગર મહાનગર પાલિકાના કમિશનર દીપેશ કેડિયા, અગ્રણી બીનાબેન કોઠારી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી, સાશક પક્ષના નેતા અમર મોદી, દંડક પ્રવિણાબેન રૂપાડિયા, સેનિટેશન કમિટીના ચેરમેન મીલનભાઈ સભાયા, શહેર પ્રાંત અધિકારી એસ.ડી.બારડ, કોર્પોરેટરઓ, આગેવાનો, સફાઈ કામદારો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીમાં પોલીસ અને બિશ્નોઇ ગેંગનું સામસામું ફાયરિંગ

## પોશડોડા ભરેલી કારને રોકવા જતા માફિયાઓનું પોલીસ પર ફાયરિંગ, પોલીસે સામું ૩ રાઉન્ડ ફાયરિંગ કર્યું, ૧ આરોપીને પગમાં ગોળી વાગતા પકડાયો, પીઆઇ સહીત ૩ પોલીસ ઈજાગ્રસ્ત



મોડાસા,

અરવલ્લી જિલ્લાના માલપુર નજીક આવેલા મોરડુંગરી પાસે માદક પદાર્થોની હેરાફેરી કરતા શખ્સો અને પોલીસ વચ્ચે અથડામણની ઘટના બહાર આવી છે. અરવલ્લી પોલીસ દ્વારા પોશડોડા ભરેલી એક શંકાસ્પદ કારને રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જે દરમિયાન આરોપીઓ દ્વારા નાસી જવાના ઈરાદે પોલીસ ટીમ પર ગોળીબાર શરૂ કરી દેવામાં આવ્યો હતો. આ સમગ્ર ઘટનામાં પોલીસે સ્વબચાવમાં વળતો જવાબ આપતા બંને પક્ષે સામસામે ૫ રાઉન્ડ જેટલું ફાયરિંગ થયું હતું. આખરે એક આરોપીને પગના ભાગે ગોળી વાગતા તેને ઝડપી લેવામાં પોલીસને મોટી સફળતા મળી છે.વહેલી સવારે ફિલ્મી દ્રશ્યો સર્જાયા હતા.આ શખ્સો બિશ્નોઇ ગેંગના માણસો હોવાનું ખુલ્યું હતું.

મળતી વિગતો અનુસાર, પોલીસે શંકાસ્પદ કારને રોકવાની કોશિશ કરતા જ બુટલેગરોએ પોલીસ પર બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ હુમલાનો સામનો કરતા અરવલ્લી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ એમ.એચ. ઝાલાએ જવાબી કાર્યવાહી રૂપે ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. ગોળીબારના આ અવાજોથી આસપાસનો વિસ્તાર ગુંજી ઉઠ્યો હતો. ફાયરિંગની આ ઘટનામાં એક આરોપીને પગમાં ગોળી વાગી જતાં તે ઘાયલ થયો હતો, જેને પરિણામે પોલીસે ભારે જહેમત અને જીવના જોખમે પણ આરોપીને દબોચી લીધો હતો અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ સામસામી અથડામણ અને ઝપાઝપીમાં પોલીસ અધિકારીઓ અને જવાનોને પણ ઈજાઓ પહોંચી છે. જેમાં LCB PI એમ.એચ. ઝાલા, PSI પી.પી. સોલંકી તેમજ છજીૈં કલ્પેશભાઈ ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાસ્થળેથી અને આરોપીની કારની તપાસ લેતા પોલીસને બે ઘાતક હથિયારો મળી આવ્યા હતા. પકડાયેલા આરોપી પાસેથી એક અને કારમાંથી બીજી એમ કુલ બે માઉઝર પિસ્તોલ જપ્ત કરવામાં આવી છે. ચોંકાવનારી બાબત એ છે કે, આ માદક પદાર્થોની હેરાફેરીના નેટવર્કમાં ફરી એકવાર કુખ્યાત બિશ્નોઇ ગેંગનું નામ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# દિલ્હીમાં SIRનો વિરોધ, AAP નેતાની અટકાયત

## ૧૧ મેટ્રો સ્ટેશન બંધ, જંતર-મંતર પર ફોર્સ તૈનાત; CJP મુંબઈમાં પ્રદર્શન કરશે



નવી દિલ્હી,

SIR પ્રક્રિયા વિરુદ્ધ દિલ્હીમાં લેફ્ટ, AAP અને સ્ટુડન્ટ યુનિયને શુક્રવારે વિરોધ પ્રદર્શનનું આહ્વાન કર્યું છે. AAP નેતા સૌરભ ભારદ્વાજ જેવા જંતર-મંતર પહોંચ્યા, તેમને અટકાયતમાં લેવામાં આવ્યા.પ્રદર્શન માટે AISA (ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિયેશન), RJD સાંસદ મનોજ ઝા અને વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણે લોકોને જંતર-મંતર પર જોડાવાની અપીલ કરી છે.

જંતર-મંતર પર પોલીસ અને RAF તૈનાત કરવામાં આવી છે. સાવચેતીના પગલા તરીકે આસપાસના ૧૧ મેટ્રો સ્ટેશનોના આગામી આદેશ સુધી બંધ કરી દેવામાં આવ્યા છે. તેમાં જનપથ, પટેલ ચોક, કેન્દ્રીય સચિવાલય, રાજીવ ચોક, સેવા તીર્થ, મંડી હાઉસ અને લોક કલ્યાણ માર્ગ મેટ્રો સ્ટેશનનો સમાવેશ થાય છે. કોકરોચ જનતા પાર્ટી આજે સાંજે ૪ વાગ્યાથી મુંબઈના શિવાજી પાર્કમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમરના રાજીનામાની માંગ સાથે પ્રદર્શન કરવાની છે.

# ફ્લાયદુબઈ ઘટના બાદ પાઈલટની સુરક્ષા ઉપર ઊઠ્યા સવાલ

## ભારતીય વાયુસેનાના નિવૃત્ત પાઈલટ અને વરિષ્ઠ વિંગ કમાન્ડર પ્રશાંત કરડેએ આપી ચેતવણી

મુંબઈ,

ફ્લાયદુબઈની દુબઈથી તેલ અવીવ જતી ઉડાનમાં બનેલી ગંભીર ઘટના બાદ પાઇલટોના વર્તન અને તેમની વિચારધારાને સમજવા માટે નવી મૂલ્યાંકન પદ્ધતિ આવશ્યકતા હોવાનું મહત્વપૂર્ણ નિવેદન ભારતીય વાયુસેનાના નિવૃત્ત પાઇલટ અને વરિષ્ઠ વિમાન કમાન્ડર વિંગ કમાન્ડર પ્રશાંત કરડેએ આપ્યું છે.

૩૭ વર્ષમાં ૧૬ હજારથી વધુ કલાક ઉડાનનો અનુભવ ધરાવતા કરડેએ જણાવ્યું કે પાઈલટોની પસંદગી પ્રક્રિયા કડક હોવા છતાં વ્યક્તિની વિચારધારા ઉગ્રતાવાદી વલણને સમજવું મુશ્કેલ છે.

કરડેએ જણાવ્યું હતું કે ઉડ્ડયન ક્ષેત્રમાં કામગીરી સાથે નજીકથી સંકળાયેલા પાઈલટો અને અન્ય કર્મચારીઓના વર્તન તથા વલણનું મૂલ્યાંકન અને સતત દેખરેખ રાખવા માટે નવી વ્યવસ્થા સમયની જરૂરિયાત છે. ત્યાં સુધી ઉડ્ડયન ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકોએ આસપાસના લોકો અને તેમના વર્તન અંગે સતર્ક, સક્રિય અને જવાબદાર રહેવું જરૂરી હોવાનું તેમણે કહ્યું હતું.ફ્લાયદુબઈની બોઈંગ ૭૩૭ મેક્સ ઉડાનમાં બનેલી આ ઘટનાએ વૈશ્વિક ઉડ્ડયન ક્ષેત્ર અને ખાસ કરીને પાઈલટ સમુદાયને હચમચાવી દીધો હોવાનું કરડેએ જણાવ્યું હતું.

# સમૃદ્ધિ એક્સપ્રેસ-વે પર ભયાનક અકસ્માત:સાતના મોત

## પૂરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રક અને પિકઅપ વાન વચ્ચે સામસામે જોરદાર ટક્કર, વેનમાં ફસાયેલા લોકોને ક્રેન અને કટરની મદદથી બહાર કઢાયા



નાગપુર,

મહારાષ્ટ્રના સૌથી ફાસ્ટેસ્ટ ગણાતા હિન્દુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે સમૃદ્ધિ મહામાર્ગ એટલે કે સમૃદ્ધિ એક્સપ્રેસવે (Samruddhi Expressway) પર વધુ એક અત્યંત દર્દનાક અને ભીષણ માર્ગ અકસ્માતમાં સાત લોકોના મૃત્યુ થયાહોવાની માહિતી સામે આવી રહી છે.

મહારાષ્ટ્રના નાગપુર નજીક સમૃદ્ધિ એક્સપ્રેસવે પર પૂરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રક અને પિકઅપ વાન વચ્ચે થયેલી સામસામેની જોરદાર ટક્કરમાં સાત લોકોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતા. આ દુર્ઘટનામાં અન્ય ઘણા મુસાફરો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હોવાની માહિતી પણ સૂત્રો દ્વારા મળી રહી છે. અકસ્માત એટલો ગમખ્વાર હતો કે પિકઅપ વાનનો કચ્ચરઘાણ વળી ગયો હતો.

પ્રાથમિક અહેવાલો મુજબ, સમૃદ્ધિ એક્સપ્રેસવે પર આગળ જઈ રહેલા અથવા વળાંક લઈ રહેલા વાહનને પાછળથી પૂરઝડપે આવી રહેલી ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માત એટલો ભીષણ હતો તેનો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિકો અને પેટ્રોલિંગ ટીમ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પિકઅપ વેનમાં ફસાયેલા લોકોને ક્રેન અને કટરની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. વાહનમાં સવાર સાત મુસાફરોના ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરુ ઊડી ગયા હતા, જયારે ગંભીર ઈજાગ્રસ્તોને એમ્બ્યુલન્સ મારફતે નજીકની સરકારી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉદ્ઘાટન બાદથી જ સમૃદ્ધિ મહામાર્ગ પર અકસ્માતોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે. ઓવર સ્પિડિંગ (Over-speeding), ડ્રાઈવરોને આવતી ઊંઘનું ઝોકું (Highway Hypnosis) અને વાહનોના ટાયર ફાટવા જેવી સમસ્યાઓ જીવલેણ સાબિત થઈ રહી છે. ઘટનાની માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ અને હાઈવે ઓથોરિટીના ઉચ્ચ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ટ્રાફિક વ્યવહાર પૂર્વવત કરવામાં આવ્યો છે અને અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા આગળની કાનૂની તપાસ હાથ ધરાઈ છે.

# ત્રણ હજાર કરોડના ડ્રગ્સ સાથે પકડાયેલા પાંચ પાકિસ્તાની ૧૩મી સુધી રિમાન્ડ પર

## ૩ હજાર કરોડનું ડ્રગ્સ ઝડપાયું તે ઈરાની બોટ વલસાડના નારગોલ બંદરે લંગારવામાં આવી

અમદાવાદ,

ત્રણ હજાર કરોડના ડ્રગ્સ કેસમાં પકડાયેલા પાંચ આરોપીઓનો સઘન પોલીસ સાયન્સ સાથે ગુજરાત એટીએસ દ્વારા આજે મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે તમામ પાકિસ્તાની આરોપીઓને ૧૩ ઓક્ટોબર સુધી રિમાન્ડ પર સોંપવા આદેશ કર્યો છે.

ગુજરાત એટીએસ અને કોસ્ટગાર્ડ દ્વારા લક્ષદીપ નજીક સંયુક્ત ઓપરેશન હાથ ધરીને ઈરાની બોટમાંથી અંદાજે ૩ હજાર કરોડની કિંમતનું ૫૨૬ કિલો સ્ફ્ર ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું છે. જેમાં ૫ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી આ કરોડો રૂપિયાના ડ્રગ્સ ભરેલી વિદેશી બોટને વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના નારગોલ બંદરે લંગારવામાં આવી છે. જ્યાં માછીમારોમાં ભારે કુતૂહલ જોવા મળ્યું છે અને મરીન પોલીસ તેમજ એસઓજી દ્વારા બોટની ઝીણવટભરી તપાસ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

ત્રણ હજાર કરોડના ડ્રગ્સ કેસમાં પકડાયેલા પાંચ આરોપીઓનો સઘન પોલીસ સાયન્સ સાથે ગુજરાત એટીએસ દ્વારા આજે મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં કોર્ટે તમામ પાકિસ્તાની આરોપીઓને ૧૩ ઓક્ટોબર સુધી રિમાન્ડ પર સોંપવા આદેશ કર્યો છે. એટીએસની તપાસમાં એવો ખુલાસો થયો છે કે, ઈરાનથી બોટ લોડ કરી તમિલનાડુની બોટને કન્સાઈનમેન્ટ સોંપવાનું કાવતરું હતું.પકડાયેલા પાકિસ્તાનીઓ પાસેથી ડ્રગ્સ માફિયાઓની લિંક અને હવાલા કાંડ અંગે પોલીસે પૂછપરછ શરૂ કરી છે. બીજી તરફ એનઆઈએ સહિતની એજન્સીઓ પણ તપાસમાં જોડાશે. ડ્રગ્સ કેસમાં પકડાયેલા આરોપી મોહમ્મદ યાકુબ બલુચી, શક્તિઉલ્લાહ, ફરીદુલ્લાહ, અહમદ ખાન અને વાહીદુલ્લાહ ખાનને એટીએસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત સાથે મેટ્રો કોર્ટમાં રિમાન્ડ માટે રજૂ કરવામાં આવ્યા હતા.

જ્યાં સરકારી વકીલ પી. આર. જોષીએ રિમાન્ડ અરજી અંગે રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, પ્રાથમિક માહિતી મુજબ આ બોટ ઈરાનથી લોડ કરવામાં આવી હોવાનું બહાર આવ્યું છે, જેથી તે દિશામાં પણ વધુ પૂછપરછ કરાશે. આ ઉપરાંત, આંતરરાષ્ટ્રીય જળસીમા નજીક તમિલનાડુની 'થેલાપતિ' નામની બોટને ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ સોંપવાનું હતું કે કેમ તે અંગે પણ તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. આરોપીઓને કોના ઈશારે આ ડ્રગ્સનો પુરવઠો સપ્લાય કરવાનો હતો તેમજ આ અગાઉ પણ તેઓએ આવા કોઈ ગેરકાયદે કન્સાઈનમેન્ટ મોકલ્યા હતા કે કેમ તે અંગે પણ સઘન પૂછપરછ હાથ ધરાશે. આ ગેરકાયદે ગોરખધંધામાંથી આરોપીઓને અત્યાર સુધીમાં કેટલો નાણાકીય લાભ મળ્યો છે તે દિશામાં પણ એટીએસ તપાસનો દોર આગળ ધપાવશે.

# ગૌતમ અદાણી ફોર્બ્સની યાદીમાં ચમક્યા, દેશના સૌથી ધનિક વ્યક્તિ બન્યા

## રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી બીજા સ્થાને

નવીદિલ્હી,

ભારતના સૌથી ધનિક લોકોની એક નવી તસવીર સામે આવી છે. ગૌતમ અદાણીએ ફોર્બ્સ ઈન્ડિયા રિચ લિસ્ટ ૨૦૨૬ માં ફરી એકવાર નંબર-૧ સ્થાન મેળવ્યું છે. અદાણી પરિવારની સંપત્તિમાં એક જ વર્ષમાં ૨૦.૭ બિલિયન (આશરે ૧.૯૮ લાખ કરોડ)નો વધારો થયો છે, જેના કારણે તેમની કુલ સંપત્તિ ૧૧૨.૭ બિલિયન (આશરે ૧૦.૮૧ લાખ કરોડ) થઈ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી બીજા સ્થાને છે. નોંધપાત્ર રીતે, નબળા શેરબજાર અને રૂપિયામાં ૮.૫% ઘટાડો હોવા છતાં, ભારતના ૧૦૦ સૌથી ધનિક વ્યક્તિઓની સંયુક્ત સંપત્તિ લગભગ ૧ ટ્રિલિયન રહી છે.

ગૌતમ અદાણી અને તેમનો પરિવાર ફોર્બ્સની ૨૦૨૬ ની ૧૦૦ સૌથી ધનિક ભારતીયોની યાદીમાં ટોચ પર છે. તેમની કુલ સંપત્તિ ૧૧૨.૭ બિલિયન હોવાનો અંદાજ છે. અદાણી પરિવારની સંપત્તિ એક જ વર્ષમાં ૨૦.૭ બિલિયન વધી છે. જો કે, આ સંપત્તિ ૨૦૨૨ માં લગભગ ૧૫૦ બિલિયનના રેકોર્ડ સ્તરથી નીચે છે. અદાણી ગ્રુપ હાલમાં એક મોટી વિસ્તરણ યોજના બનાવી રહ્યું છે અને એઆઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં લગભગ ૧૦૦ બિલિયનનું રોકાણ કરવાની તૈયારી કરી રહ્યું છે.

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી આ વખતે બીજા ક્રમે છે. તેમની કુલ સંપત્તિ ૮૬.૩ બિલિયન છે, જે અગાઉના અંદાજ કરતાં ૧૮.૭ બિલિયન ઓછી છે. રિલાયન્સના શેર ખાસ કરીને તેના રિટેલ બિઝનેસમાં માર્જિન દબાણથી પ્રભાવિત થયા હતા. દરમિયાન, અંબાણીની ટેલિકોમ કંપની, જિયો પ્લેટફોર્મ્સને આઈપીઓ માટે નિયમનકારી મંજૂરી મળી છે. આ આઈપીઓ આશરે ૩.૮ બિલિયન એકત્ર કરી શકે છે અને

# ગડકરીએ ઉત્તરપૂર્વને મોટી ભેટ આપી, ૧,૧૭૬ કરોડના ખર્ચે તિસ્તા નદી પર ૬-લેનનો પુલ બનાવાશે



સિલિગુડી અને સિક્કિમ વચ્ચે તથા ઉત્તરપૂર્વમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવશે

નવીદિલ્હી,

સિક્કિમ અને ઉત્તરપૂર્વની મુસાફરી કરતા પ્રવાસીઓ માટે મોટા સમાચાર આવ્યા છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે તિસ્તા નદી પર ૧,૧૭૬ કરોડના ખર્ચે નવા છ-લેન પુલના નિર્માણને મંજૂરી આપી છે.

આ પુલ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં સેવોક ખાતે એનએચ-૧૦ પર બનાવવામાં આવશે. આ આશરે ૬.૯ કિલોમીટર લાંબો પ્રોજેક્ટ, જેમાં તેનો એપ્રોચ રોડ પણ શામેલ છે, સિલિગુડી અને સિક્કિમ વચ્ચે અને ઉત્તરપૂર્વમાં કનેક્ટિવિટીને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે તિસ્તા નદી પર નવા છ-લેન પુલ માટે ૧,૧૭૬ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ પુલ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લામાં સેવોક ખાતે એનએચ-૧૦ પર બનાવવામાં આવશે. એપ્રોચ રોડ સહિત તેની કુલ લંબાઈ આશરે ૬.૯ કિલોમીટર હશે. NH-10 એ સિલિગુડીથી સિક્કિમને જોડતા મુખ્ય રસ્તાઓમાંનો એક છે. પ્રવાસન, વેપાર, સ્થાનિક અવરજવર અને અન્ય આવશ્યક પરિવહનને કારણે આ માર્ગ પર સતત ટ્રાફિક રહે છે.નવા પુલથી મુસાફરો અને માલસામાનને ફાયદો થવાની શક્યતા છે. હાલના રોડ નેટવર્કમાં ભારે ટ્રાફિક જામ થઈ રહ્યો છે. નવા છ-લેન પુલના નિર્માણથી વધારાની વાહન ક્ષમતા મળશે અને સેવોકની આસપાસ ટ્રાફિક જામ ઓછો કરવામાં મદદ મળશે. આનો હેતુ સિલિગુડી, સિક્કિમ અને ઉત્તરપૂર્વ વચ્ચે મુસાફરો અને માલસામાનની અવરજવરને સરળ બનાવવાનો છે. સુધારેલ રોડ કનેક્ટિવિટી સ્થાનિક વ્યવસાયો અને પર્યટનને પણ લાભ પહોંચાડવાની અપેક્ષા છે.

સિલિગુડી કોરિડોરને ઘણીવાર "ચિકન નેક" તરીકે ઓળખવામાં આવે છે. તે ઉત્તરપૂર્વને દેશના બાકીના ભાગ સાથે જોડતો એક મહત્વપૂર્ણ ભૂમિ માર્ગ છે.

ટ્રાફિક, હવામાન અથવા અન્ય કારણોસર આ સાંકડા વિસ્તારમાં ટ્રાફિક વિક્ષેપ સમગ્ર ઉત્તરપૂર્વમાં રોડ કનેક્ટિવિટીને અસર કરી શકે છે. તેથી, સેવોક ખાતે એક મજબૂત અને વધુ સક્ષમ પુલ બનાવવાને આ મહત્વપૂર્ણ માર્ગની રોડ ક્ષમતા વધારવા તરફ એક પગલું માનવામાં આવે છે.

આ પ્રોજેક્ટ ૬૧,૫૦૦ કરોડના કોરિડોર સાથે પણ જોડાશે. તિસ્તા બ્રિજ એકમાત્ર મોટો પ્રોજેક્ટ નથી.

# લવલીનાએ બોક્સિંગમાં ચીની ખેલાડીને હરાવી ગોલ્ડ જીત્યો

## પોતાના જન્મદિવસે જીત્યો ગોલ્ડ મેડલ, ૧૨ વર્ષ પછી ભારતીય મહિલા બોક્સિંગમાં ઈતિહાસ રચ્યો



નાગોયા,

ભારતની દિગ્ગજ બોક્સર, લવલીના બોર્ગોહેને ગોલ્ડ મેડલ જીત્યો છે. તેણીએ મહિલા ૭૫ કિગ્રા વર્ગમાં ચીની બોક્સર જિયાયી બાઓને સર્વાનુમતે ૫-૦ થી હરાવી હતી. બાઓએ ફાઇનલમાં ગંદી રમત રમી હતી.

જોકે, લવલીનાએ તેના શિસ્તથી નિર્ણાયકોને પ્રભાવિત કર્યા અને ફાઇનલ જીતી. મહિલા બોક્સિંગમાં આ ભારતનો બીજો એશિયન ગેમ્સનો ગોલ્ડ મેડલ છે. આ પહેલા, મેરી કોમે ૨૦૧૪ માં મહિલા બોક્સિંગમાં ભારત માટે ગોલ્ડ મેડલ જીત્યો હતો. આનો અર્થ એ થયો કે ભારતીય મહિલા બોક્સિંગે ૧૨ વર્ષ પછી એશિયન ગેમ્સનો ગોલ્ડ મેડલ જીત્યો છે.

પોતાના જન્મદિવસ નિમિત્તે લવલીના બોર્ગોહેને શુક્રવારે ભારતને એક અમૂલ્ય ભેટ આપી. તેણે ઈતિહાસ રચતા દિગ્ગજ એમ.સી. મેરી કોમ બાદ એશિયન ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક જીતનારી માત્ર બીજી ભારતીય મહિલા બોક્સર બનવાની સિદ્ધિ હાંસલ કરી હતી. ૨૮ વર્ષીય ભારતીય બોક્સરે આઈચી-નાગોયા ખાતે યોજાયેલી મહિલાઓની ૭૫ કિગ્રા વર્ગની રસાકસીભરી ફાઇનલમાં ચીનની ઝિયી બાઓને ૫-૦થી હરાવી હતી અને અગાઉની આવૃત્તિમાં જીતેલા રજત ચંદ્રક બાદ હવે એશિયન ગેમ્સનો સુવર્ણ ચંદ્રક પણ પોતાના નામે કર્યો હતો.

પ્રથમ રાઉન્ડમાં ૩-૨થી આગળ રહ્યા બાદ, બીજા રાઉન્ડમાં વિરોધી બોક્સર બાઓના આક્રમક પ્રહાર છતાં લવલીનાએ સંયમ જાળવી રાખ્યો હતો અને રાઉન્ડ ૪-૧થી પોતાના નામે કરી કુલ ૨-૦ની મજબૂત લીડ મેળવી લીધી હતી. આખરી રાઉન્ડમાં પણ નિયંત્રિત રમત દાખવીને તેણીએ ૪-૧થી રાઉન્ડ જીતીને કુલ ૫-૦થી સર્વાનુમતે ભવ્ય વિજય મેળવ્યો હતો.

### તીરંદાજીમાં મહિલા રિકર્વ ટીમે ગોલ્ડ જીત્યો



એશિયન ગેમ્સ ૨૦૨૬ના ૧૪મા દિવસે આજે ભારતે ૧૧મો ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો. તીરંદાજીમાં મહિલા રિકર્વ ટીમે દક્ષિણ કોરિયાને ૫-૩થી હરાવીને ઈતિહાસ રચી દીધો. ભારત તરફથી કીર્તિ, કુમકુમ અને અંકિતાએ મુશ્કેલ સ્થિતિમાં સારી રમત દાખવતા આ જીત નોંધાવી હતી. એશિયન ગેમ્સના ૭૫ વર્ષના ઈતિહાસમાં પહેલીવાર ભારતની મહિલા રિકર્વ ટીમે એશિયન ગેમ્સમાં કોઈ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો છે. આ મેચ શરૂઆતથી જ ટક્કરની રહી હતી. સ્થિતિ પણ અનુકુળ નહોતી. એટલા માટે બંને ટીમના ખેલાડીઓ માટે પરફેક્ટ ૧૦ નો સ્કૉર કરવો મુશ્કેલ હતો.

સૌરાષ્ટ્ર આસપાસ

# મોબાઈલ યુગમાં નાના વેપારીની મોટી તાકાત

માર્કેટિંગની દુનિયામાં આજે એક નવો શબ્દ ખૂબ સંભળાય છે. તે શબ્દ છે સ્ક્રેપી માર્કેટિંગ. સ્ક્રેપી એટલે હિંમતવાન, જુસ્સાથી ભરેલો, ઓછામાંથી વધુ મેળવવાની ધગશ ધરાવતો. વિક્રેતા અથવા માર્કેટિંગ પર્સન.આપણા જૂના શાસ્ત્રોમાં સમયના ચાર ભાગ બતાવ્યા છે. આજના વિદ્વાનો સમયને જ્ઞાનના આધારે વહેંચે છે. તેઓ કહે છે કે આ જ્ઞાનનો યુગ છે. જેની પાસે જ્ઞાન છે તેની પાસે બધું છે. આ જ્ઞાનને ઘર ઘર સુધી પહોંચાડવાનું કામ ઈન્ટરનેટે કર્યું છે. ઈન્ટરનેટ એ જ્ઞાનનો ધોરી માર્ગ છે. તેના કારણે ધંધા રોજગારની રીત સાવ બદલાઈ ગઈ છે. ધંધાનો આધાર ગ્રાહક સુધી પહોંચવા પર છે અને ગ્રાહક સુધી પહોંચવાનું સાધન એટલે માર્કેટિંગ.ત્રીસ ચાલીસ વર્ષ પહેલાનું માર્કેટિંગ અને આજનું માર્કેટિંગ વચ્ચે આસમાન જમીનનો ફરક છે.પહેલા વેપારી રાહ જોતો, ગ્રાહક દુકાને આવે તેની. આજે વેપારી ગ્રાહકના ખિસ્સામાં રહેલા મોબાઈલમાં પહોંચી ગયો છે. કહેવાય છે કે દુનિયામાં બાળકોના જન્મ કરતા અનેકગણી ઝડપે નવી વેબસાઈટો બની રહી છે. માણસોના જીવન કરતા વધુ ઝડપે વિડિયો મુકાઈ રહ્યા છે. શોધયંત્રો પર દરરોજ અબજો શોધ થાય છે. આટલી ભીડમાં તમારો અવાજ ગ્રાહક સુધી પહોંચે તે જ સાચી કળા છે.આ કળાને સમજાવતું એક જાણીતું પુસ્તક છે. તેના લેખક કહે છે કે હવે ધંધો પહેલાની જેમ સામાન્ય રીતે ચાલશે નહીં. બધું બદલાઈ ગયું છે. ટેક્નોલોજીએ માર્કેટિંગની વ્યાખ્યા બદલી નાખી છે. પહેલા કહેવાતું કે ગ્રાહક રાજા છે. હવે ગ્રાહક રાજા ઉપરાંત ભાગીદાર પણ છે. તે વસ્તુ ખરીદે છે, વાપરે છે, અભિપ્રાય આપે છે અને બીજાને ભલામણ પણ કરે છે. સોશિયલ મીડિયાએ એક તરફી પ્રચારને અનેક તરફી સંવાદ બનાવી દીધો છે. ફેસબુક, વોટ્સએપ બિઝનેસ, ગુગલ બિઝનેસ જેવા સાધનોએ નાના વેપારીને પણ મોટું મેદાન આપ્યું છે. આ વસ્તુ માર્કેટિંગ ને લગતા એક પુસ્તકમાં સરસ રીતે સમજાવવામાં આવી છે.નિક વેસ્ટરગાર્ડ નામના લેખકે માર્કેટિંગનું એક અનોખું પુસ્તક લખ્યું છે. પુસ્તકનું નામ છે ગેટ સ્ક્રેપી. આ પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે ઉત્તમ માર્કેટિંગ માટે સ્ક્રેપી એટલે કે જુસ્સાદાર, લડાયક માનસિકતાને બિરદાવવી જોઈએ. જો તમારી કંપની નાની હોય અને સાધનો પણ ઓછા હોય તો સ્ક્રેપી માર્કેટિંગ જરૂરી છે. સ્ક્રેપી માર્કેટિંગ તમારી ઓનલાઈન સ્ટ્રેટેજી અને યુક્તિઓ બંને પર ધ્યાન આપે છે. આ પ્રકારની વ્યૂહાત્મક વિચારસરણીમાં કૂદકો મારતા પહેલા જુઓ, વિચારો, પછી આગળ વધો. અહીં એક જૂની કહેવત લાગુ પડે છે કે મોટા લાભ માટે સરખું આયોજન કરો અને તેને સરખી રીતે સમજો. અહીં યુક્તિ એટલે તમે તમારા આયોજનને કઈ રીતે અમલમાં મૂકો છો તે સમજવું. તમારા માર્કેટિંગ આયોજનને એકદમ સરળ અને સ્પષ્ટ રાખો.ઈ.સ. ૧૯૮૩ની આસપાસ આ લેખકે સંબંધ આધારિત માર્કેટિંગની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે માત્ર માલ વેચો નહીં, સંબંધ બાંધો. ગ્રાહકની જરૂર સમજો, તેની વાત સાંભળો, તેને આદર આપો. વિશ્વાસ બંધાશે તો ધંધો આપમેળે વધશે. આ વાત આજે વધુ સાચી પડી છે. આજનો ગ્રાહક હોશિયાર છે. તેને છેતરી શકાતો નથી. તે સરખામણી કરે છે, સમીક્ષા વાંચે છે, પછી નિર્ણય લે છે. એટલે જે વેપારી સાચું બોલશે, નિયમિત સંપર્કમાં રહેશે, ફોલોઅપ લેશે, તે જ આગળ વધશે.સ્ક્રેપી માર્કેટિંગનો મૂળ મંત્ર છે કે સાધન ઓછા હોય તો ચિંતા ન કરો, યુક્તિ સારી રાખો. મોટી કંપની પાસે કરોડોનું બજેટ છે, નાના વેપારી પાસે નથી. પણ નાના વેપારી પાસે મહેનત છે, લગન છે, ગ્રાહકને નામથી ઓળખવાની તાકાત છે.

## વરસાદના વિરામ વચ્ચે આકાશનું લીલોતરીથી ફ્રેમિંગ...



ફ્રાઈડે ફોટો સ્ટોરી
- જયદીપ એ. દવે.

વરસાદના અંતિમ રાઉન્ડ દરમ્યાન હળવા ઝાપટા સ્વરૂપે મેઘરાજા પોતાની હાજરી પૂરાવી રહ્યા છે. જોકે, વાદળો હવે કાળામાંથી ગોરા થયા છે, જેના કારણે ભૂરા આકાશમાં કોન્ટ્રાસ્ટ કલર જોવા મળે છે. તેમાં પણ ઊઘડતી બપોરે સર્જાયેલા દૃશ્યમાં વરસાદથી ન્હાઈને તાજા-માજા લાગતા બે વૃક્ષોની બનેલી ફ્રેમમાંથી ડોકિયું કરતા ભૂરા આકાશ અને સફેદ વાદળોની સાથે રાત્રે નહીં પણ દિવસે વિહરતું નિશાચર ચામાચીડિયું સબ્જેક્ટિવ તસવીરનું સર્જન કરે છે.

# પ્રભુ પ્રાપ્તિની પ્રબળ ઇચ્છા

યુવાને સંતને કહ્યું : 'ગુરુદેવ! આપ મને મારવા તો ન જ ઈચ્છો, તો આવું કેમ કર્યું?' સંતે પ્રશ્ન કર્યોઃ 'જ્યારે તારું ગળું મેં પાણીમાં ડૂબાડયું ત્યારે સૌથી વધારે તને શેની જરૂર હતી?'

પ્રભુ મેળવવાની આપણે વાતો તો કરીએ છીએ, પણ ખરેખર પ્રભુને મેળવવા માટે આપણી ભીતર તલસાટ છેપ ? નાનકડા ઉદાહરણ દ્વારા આ તલસાટને સમજવાનો પ્રયાસ કરીએ.

એક સંત. ખૂબ વિદ્વાન. લોકો તેઓની પાસે પોત-પોતાની પરેશાની લઈને આવે. જેની જે પણ સમસ્યા હોય, સંત તેનું સુચારુ સમાધાન આપે.

એક દિવસ એક ભક્ત સંતની પાસે આવ્યો. તેણે કહ્યું : 'ગુરુદેવ ! વર્ષોથી હું પ્રભુભક્તિ તો કરું છું, આટ-આટલી પ્રભુભક્તિ કર્યા પછી હજી સુધી પ્રભુનું મિલન થતું નથી. આપ ઉપાય બતાવો, પ્રભુને મેળવવા મારે શું કરવું જોઈએ?'

સંતે યુવાનને કહ્યું : 'ચાલ, આપણે નદીકિનારે જઈએ. ત્યાં તને પ્રભુપ્રાપ્તિનો ઉપાય બતાવીશ.'

સંતની પાછળ પાછળ યુવાન પણ નદી કિનારે ગયો. સંત યુવકને લઈને નદીની અંદર ગયા. બંને નદીમાં એટલા અંદર ગયા કે હવે માત્ર માથું જ બહાર હતું. બાકી આખું શરીર અંદર હતું. સંતે યુવાનને આંખ બંધ કરવા માટે કહ્યું. જેવી યુવાને આંખ બંધ કરી કે તરત જ સંતે તેનું ગળું પકડીને નદીમાં ડૂબાડી દીધું. અચાનક આવું થવાથી યુવાન હેબતાઈ ગયો. પાંચ-દસ સેકન્ડ પછી શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. એટલે પોતાનું મસ્તક પાણીમાંથી બહાર કાઢવા તે મહેનત કરવા લાગ્યો, પણ સંતે તો ગળું મજબૂત રીતે પકડી રાખ્યું હતું કે તે બહાર કાઢી જ ના શકે. સમય વધતા તે તરફડવા લાગ્યો. હવે ન રહેવાતા તેણે વધુ મહેનત કરીને પણ પોતાનું ગળું બહાર કાઢયું. જેવું ગળું બહાર નીકળ્યું. ત્યારે તેને શાંતિની અનુભૂતિ થઈ.

યુવાને સંતને કહ્યું : 'ગુરુદેવ ! આપ મને મારવા તો ન જ ઈચ્છો, તો પછી આવું કેમ કર્યું?'

સંતે સરસ ઉત્તર આપતા પ્રશ્ન કર્યોઃ 'જ્યારે તારું ગળું મેં પાણીમાં ડૂબાડયું ત્યારે સૌથી વધારે તને શેની જરૂર હતી?'

'શ્વાસ લેવાની.'

'બસ, મારે આ જ કહેવું હતું કે શ્વાસ લેવા માટેની ખૂબ ઈચ્છા થઈ, તે માટે તું તરફડવા લાગ્યો. તેવી જ રીતે આટલા વર્ષો સુધી તેં પ્રભુની પૂજા-ભક્તિ વિગેરે ખૂબ કર્યું પણ પ્રભુ મેળવવાની આટલી પ્રબળ ઈચ્છા ક્યારેય થઈ ખરી ? પ્રભુ મેળવવા માટે ક્યારેય તું તરફડયો છે ખરો ? જો આવો તરફડાટ જાગશે, આવી પ્રબળ ઈચ્છા થશે, ત્યારે પ્રભુ તને અવશ્ય મળી જશે!'

સદગુરુના પ્રેક્ટિકલ ઉત્તરથી યુવાનને ખૂબ સંતોષ થયો.

# મનને ઊંચાઈ પર રાખીએ : ખુશ રહીએ



વિશેષ

દુનિયાની લગભગ દરેક વ્યક્તિના જીવન જીવવાના અંદાજ વિભિન્ન પ્રકારના મળે છે. કોઈને એકાંતમાં જીવવું ગમે છે, તો કો'કને લોકોની વચ્ચે રહેવું ગમે છે; કો'કને ધર્મમય જીવન ગમે છે, તો કો'કને મોજ-શોખ સાથેનું જીવન ગમે છે; કેટલાકને સાદા પહેરવેશ સાથે પ્રેમ હોય છે, તો કેટલાક સ્ટાઈલીશ વસ્ત્રોના દીવાના હોય છેપ આવું તો એક નહિ, બલ્કે અનેક બાબતોમાં આપણને જોવા મળશે કે જેમાં દુનિયાના લોકોની પસંદગીના વિષયો અલગ-અલગ હોય. પરંતુ એક બાબત એવી છે કે જેમાં સૌની પસંદગી બેમત એક છે. સુખમાં રહેવું-ખુશીમાં રહેવું આ દુનિયાના પ્રત્યેક જીવને ગમે છે. હા, એ ખુશીના અને સુખના માપદંડમાં ફર્ક હોઈ શકે. પરંતુ સુખ અને ખુશી સૌની પસંદગીનો વિષય છે તે નિઃશંક છે.

એથી જ આજથી શરૂ થતી લેખશ્રેણિમાં આપણે વિચાર કરીશું જીવન ખુશીઓથી ભરપૂર બની રહે તે માટેના રસપ્રદ ઉપાયોનો.

ખુશીઓ મેળવવા તેમજ અનુભવવા માટેનો પ્રથમ ઉપાય છે ઊંચાઈ પર રહેતા શીખો :-

પ્રથમ નજરે ન સમજાય તેવા આ ઉપાયને આપણે એક ઘટના દ્વારા

સમજીએ :

પહાડી વિસ્તાર હોવાનાં કારણે એ વિસ્તારમાં ભયંકર વરસાદ પડે. ક્યારેક મૂશળધાર વરસેલા વરસાદનાં કારણે ભયાનક પૂર આવે અને તેનાં કારણે પહાડની નીચે વસેલા ગ્રામજનોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડે. પૂરનાં કારણે ખેતી ધોવાય-પશુઓ/માનવોના મૃત્યુ થાય - અનેક લોકો બેઘર બની જાય. ઉપરાંત ઘરવખરી વગેરે તણાઈ જાય તે નુકસાન અલગ.

વાતને વર્ષોના વહાણા વીત્યા. એક વાર એક સંત આ ગામમાં પધાર્યા. ગામના લોકોની મુશ્કેલીઓ જાણીને સંતનું કરૂણાશીલ હૈયું ભરાઈ આવ્યું. લોકોએ સંતને વિનંતી કરી કે 'મહાત્મન્ ! કોઈ યોગ્ય માર્ગ બતાવો, જેથી અમારી આ વર્ષોની વિપદાનો અંત આવેપ' 'આનો ઉપાય તો બહુ સરળ છે.' સંતે કહ્યું : 'તમે સૌ આ પહાડની વિશાળ સમથળ ભૂમિમાં જઈને નિવાસ કરો. જેથી ભયંકર પૂર પણ તમને નુકસાન નહિ કરે.' લોકો સંતની વાત સ્વીકારીને ઉપર પહોંચ્યા. યોગ્ય સ્થાન જોઈને નિવાસ કરવા લાગ્યા. ઊંચાઈ પર રહેવાનાં કારણે પૂર વગેરેથી સલામત બની ગયા.

જીવનને ખુશીસભર બનાવવાની પ્રથમ ફોર્મ્યુલા પણ આ જ છે કે ઊંચાઈ પર રહેતા શીખીએ. જમીનથી ઉપર રહેનારને પૂર વગેરે નુકસાન કરતા નથી. તેમ મનને નિરાશ કરે તેવી દુઃખદ ઘટનાઓથી ઉપર રહેનારને આ ઘટનાઓ પણ નાખુશ કરી શકતી નથી. ઘટનાઓથી ઉપર રહેવું એટેલે મનને તે ઘટનાઓથી અલિપ્ત રાખવું - દૂર રાખવું. યાદ રહે, દુઃખદ ઘટનાઓના પૂર જ્યાં વારંવાર આવે તેનું નામ જિંદગી છે અને એ પૂર આવે ત્યારે મનને સમજણના પહાડ પર ચઢાવી દેવું એ ખુશીનો માર્ગ છે. અપનાવીશું આપણે ખુશીનો આ માર્ગ?

# ગુજરાતના કિનારે આવશે ભારતની ઊર્જા લક્ષ્મી

આખો પ્રોજેક્ટ ભારત માટે એક ગૌરવ સમાન હશે. સમુદ્રના પેટાળમાંથી પસાર થતી એક પાઈપલાઈન માત્ર ગેસ કે તેલ લાવવાનું સાધન નથી, તે ભારતના આત્મવિશ્વાસની, દૂરંદેશીની અને દુનિયા સાથે કદમ મિલાવીને ચાલવાની તૈયારીની નિશાની છે.

હોર્મુઝની ખાડીમાં જ્યારે તણાવ વધે છે ત્યારે દુનિયાભરના દેશોના શ્વાસ અટકી જાય છે, કારણ કે ત્યાંથી જ મોટા ભાગનું તેલ અને ગેસ પસાર થાય છે.

**ઓમાન અને સંયુક્ત આરબ અમીરાતના દરિયાકાંઠેથી નીકળીને અરબી સમુદ્રના ઊંડા પાણીમાંથી પસાર થઈને સીધી ગુજરાત અને મહારાષ્ટ્રના કિનારે પહોંચતી આ પાઈપલાઈન ભારતની ઊર્જા સુરક્ષાને નવો આધાર આપશે.**

ભારત જેવો દેશ જે પોતાની જરૂરિયાતનું મોટા ભાગનું ખનિજ તેલ બહારથી મંગાવે છે, તેના માટે આ એક સતત ચિંતાનો વિષય રહ્યો છે. જહાજો મારફતે આવતો ગેસ અને તેલ ક્યારેક મોડો પડે, ક્યારેક ખર્ચ વધારી દે અને ક્યારેક આંતરરાષ્ટ્રીય તણાવને કારણે અટકી પણ જાય. આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા માટે ભારતે હવે એક નવી વ્યૂહરચના પર કામ શરૂ કર્યું છે, જે સામાન્ય માણસના રસોડાથી માંડીને દેશના અર્થતંત્ર સુધી દરેકને સ્પર્શે એવી છે.

આ વ્યૂહરચનાનું નામ છે સમુદ્રની નીચે પાઈપલાઈન પાથરવી. ઓમાન અને સંયુક્ત આરબ અમીરાતના દરિયાકાંઠેથી નીકળીને અરબી સમુદ્રના ઊંડા પાણીમાંથી પસાર થઈને સીધી ગુજરાત અને મહારાષ્ટ્રના કિનારે પહોંચતી આ પાઈપલાઈન ભારતની ઊર્જા સુરક્ષાને નવો આધાર આપશે. શરૂઆતમાં આ યોજના માત્ર ગેસ માટે વિચારાઈ હતી, પણ હવે દરિયાઈ માર્ગે ક્રૂડ ઓઈલ લાવવાની શક્યતા પર પણ તકનિકી અભ્યાસ ચાલી રહ્યો છે. ઊંડા સમુદ્રમાં પાઈપલાઈન નાખવાની ટેકનોલોજી, તેનો ખર્ચ અને તેની સલામતી જેવા તમામ પાસાંની ઝીણવટભરી તપાસ થઈ રહી છે.

કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલે તાજેતરમાં યુએઈના વિદેશ વેપાર મંત્રી સાથેની મુલાકાત બાદ આ વાતની પુષ્ટિ કરી હતી. તેમણે કહ્યું કે કેન્દ્ર સરકારે હવે ઓમાન અને યુએઈથી ભારત સુધી સીધી સમુદ્રની નીચે પાઈપલાઈનના પ્રોજેક્ટને પોતાની ટોચની પ્રાથમિકતાઓમાં સામેલ કર્યો છે. આ પ્રોજેક્ટને મિડલ ઈસ્ટ ટુ ઈન્ડિયા ડીપ વોટર પાઈપલાઈન તરીકે ઓળખવામાં આવે છે. નામ જ બતાવે છે કે આ કોઈ નાનું કામ નથી, આ ઈજનેરીનો એક અદ્ભુત પ્રયોગ છે.

વિચાર કરો, સમુદ્રની સપાટીથી લગભગ ત્રણ હજાર ચારસો પચાસ મીટરની ઊંડાઈએ પાઈપલાઈન પાથરવી એ કેટલું મોટું પડકારભર્યું કામ છે. ત્યાં પાણીનું દબાણ અત્યંત ઊંચું હોય છે, સમુદ્રની સપાટી પર ખડકો હોય છે અને ખીણોમાંથી માર્ગ કાઢવાનો હોય છે. ભવિષ્યમાં તેનું સમારકામ કરવું પડે તો પણ એ સહેલું નથી. છતાં ભારત અને તેના ભાગીદાર દેશો આ પડકાર ઝીલવા તૈયાર થયા છે, કારણ કે તેનો લાભ એટલો મોટો છે કે મહેનત વસૂલ થઈ જાય.

આસપાસ ચોપાસ
સુરેશ ભટ્ટ

આ પાઈપલાઈનની લંબાઈ બારસોથી બે હજાર કિલોમીટર જેટલી હશે અને તેનો અંદાજિત ખર્ચ ચાલીસ હજાર કરોડ રૂપિયાની આસપાસ મૂકવામાં આવ્યો છે. તેની ક્ષમતા રોજના ત્રણ કરોડ દસ લાખ ઘનમીટર કુદરતી ગેસ પહોંચાડવાની હશે. એક વખત આ વ્યવસ્થા કાર્યરત થઈ જાય પછી ઓમાન, યુએઈ, કતાર અને સાઉદી અરેબિયાના ગેસ અને તેલના ભંડારમાંથી સીધો અને અવિરત પુરવઠો મળતો રહેશે. વચ્ચે કોઈ જહાજની રાહ જોવી નહીં પડે, હોર્મુઝની ખાડીના તણાવની ચિંતા નહીં રહે અને હવામાન બગડે તોપણ પુરવઠો અટકશે નહીં.

સામાન્ય માણસને થશે કે આટલા ઊંડા સમુદ્રની વાતથી મારા ઘરને શું લેવાદેવા. પણ લેવાદેવા ઘણી છે. આજે આપણે જે એલપીજીનો બાટલો વાપરીએ છીએ, જે સીએનજીથી વાહન ચાલે છે, જે ખાતરથી ખેતર લીલું રહે છે અને જે વીજળીથી કારખાના ધમધમે છે, તે બધામાં ગેસનો મોટો ફાળો છે. જ્યારે ગેસ અને તેલ જહાજમાં આવે છે ત્યારે તેનું ભાડું લાગે, વીમાનો ખર્ચ લાગે અને રસ્તામાં વિલંબ થાય તો બજારમાં ભાવ વધી જાય. પાઈપલાઈનથી આ વચ્ચેનો ખર્ચ ઘટશે. પરિવહન અને વીમાનો ખર્ચ ઘટશે એટલે બજારમાં અચાનક ભાવ વધારાના જે આંચકા આવે છે તેનું દબાણ ભારત પર ઓછું પડશે. સીધી ભાષામાં કહીએ તો રસોડાનો ખર્ચ સ્થિર રહેવામાં મદદ મળશે અને ઉદ્યોગોને સસ્તી ઊર્જા મળશે.

ભારત આજે પોતાની જરૂરિયાતનું લગભગ અઠ્યાસી ટકા ખનિજ તેલ આયાત કરે છે. દેશમાં આવતો અડધાથી વધુ એલપીજી અને એલએનજી કતાર અને યુએઈમાંથી આ જ દરિયાઈ માર્ગે જહાજોમાં આવે છે. એટલે આ પાઈપલાઈન માત્ર એક નવો રસ્તો નથી, તે ભારતની ઊર્જાની નાડીને મજબૂત કરવાનો ઉપાય છે. જ્યારે દેશ પોતાની ઊર્જા જરૂરિયાત માટે સુરક્ષિત માર્ગ ઊભો કરે છે ત્યારે તેની વિદેશ નીતિ પણ મજબૂત બને છે, તેને કોઈના દબાણમાં આવવું પડતું નથી.

આ પ્રોજેક્ટમાં આશાનું એક કિરણ પહેલેથી દેખાયું છે. પ્રોજેક્ટ વિકસાવનાર સાઉથ એશિયા ગેસ એન્ટરપ્રાઈઝે લગભગ પચીસ કરોડના ખર્ચે ત્રણ કિલોમીટર લાંબી પાઈપલાઈન પાથરીને તેની પરીક્ષણ સફળતાપૂર્વક કર્યું છે. સમુદ્રના સર્વે માટેનું આ પહેલું પગલું હતું. હવે એકવાર બધી શરતો પૂરી થઈ જાય પછી નિર્માણમાં લગભગ પાંચથી સાત વર્ષનો સમય લાગવાની ધારણા છે. પાંચ સાત વર્ષ લાંબો સમય લાગે, પણ જે કામ સદીઓ સુધી લાભ આપવાનું હોય તેને ઉતાવળે ન કરાય.




ગુજરાત માટે આ વાત વિશેષ ગૌરવની છે. આ પાઈપલાઈન ગુજરાતના દરિયાકાંઠે આવશે. જે ગુજરાતે વેપાર માટે દરિયો ખેડ્યો છે, જેના બંદરોએ સદીઓથી દુનિયાને જોડી છે, તે જ ગુજરાત હવે ઊર્જા કોરિડોરનું પ્રવેશદ્વાર બનશે. અહીંથી ગેસ દેશના ખૂણે ખૂણે પહોંચશે. રોજગારી વધશે, નવા ઉદ્યોગો આવશે અને તકનિકી જાણકારી પણ વધશે. ઊંડા સમુદ્રમાં કામ કરતા ઈજનેરો, ડાઈવર્સ, વૈજ્ઞાનિકો અને કામદારોનો એક નવો વર્ગ તૈયાર થશે.

કોઈપણ મોટા સ્વપ્નની જેમ આમાં પણ મુશ્કેલીઓ છે. ઊંડાઈનું દબાણ, ખર્ચનો બોજો, પર્યાવરણની ચિંતા અને આંતરરાષ્ટ્રીય સહકારની જરૂરિયાત, આ બધું સંભાળવું પડશે. પણ ભારતે અગાઉ પણ અઘરા કામો પાર પાડ્યા છે. સમુદ્રની નીચેથી ઊર્જા લાવવાનો આ પ્રયાસ એ દિશામાં એક મજબૂત પગલું છે કે ભારત હવે માત્ર ખરીદનાર દેશ નથી, તે ભવિષ્યની વ્યવસ્થા ઘડનાર દેશ છે.

આ પાઈપલાઈન દેખાતી નથી, તે સમુદ્રની નીચે હશે, પણ તેની અસર દરેક ઘરમાં દેખાશે. જ્યારે રસોઈનો ગેસ સમયસર અને વ્યાજબી ભાવે મળશે, જ્યારે કારખાનાને અટક્યા વિના ઊર્જા મળશે, જ્યારે દેશને કોઈ ખાડીના તણાવની બીક નહીં રહે, ત્યારે આપણને સમજાશે કે આજે લેવાયેલો આ નિર્ણય કેટલો દૂરંદેશીભર્યો હતો. આખો પ્રોજેક્ટ ભારત માટે ગૌરવ સમાન હશે, કારણ કે તે આપણને શીખવે છે કે સાચી તાકાત શસ્ત્રોમાં નથી હોતી, સાચી તાકાત પોતાના લોકોના જીવનને સુરક્ષિત અને સરળ બનાવવાની દૃષ્ટિમાં હોય છે.

# એશિયન ગેમ્સમાં ભારતનો ૧૧મો ગોલ્ડ: મહિલા રિકર્વ ટીમે પ્રથમ વખત રચ્યો ઈતિહાસ

## ફાઈનલમાં દક્ષિણ કોરિયાને ૫-૩થી હરાવ્યું; અંકિતા ભગત, કીર્તિ અને કુમકુમ મોહોડની ત્રિપુટીએ અપાવ્યો ઐતિહાસિક વિજય

નાગોયા (જાપાન),

એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન યથાવત્ છે. ભારતે વધુ એક ગોલ્ડ મેડલ પોતાના નામે કરતાં મેડલની સંખ્યા ૬૭ સુધી પહોંચાડી છે. શુક્રવારે ભારતીય મહિલા રિકર્વ તીરંદાજી ટીમે ફાઈનલમાં દક્ષિણ કોરિયાને ૫-૩થી હરાવીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. અંકિતા ભગત, કીર્તિ શર્મા અને કુમકુમ મોહોડની ત્રિપુટીએ શાનદાર પ્રદર્શન કરીને ભારતને આ ઐતિહાસિક સફળતા અપાવી હતી.

મહિલા રિકર્વ ટીમ માટે આ જીત ખાસ બની છે, કારણ કે એશિયન ગેમ્સના ઈતિહાસમાં ભારતે આ ઈવેન્ટમાં પ્રથમ વખત ગોલ્ડ મેડલ જીત્યો છે. દક્ષિણ કોરિયાની મજબૂત ટીમ સામે ભારતીય ખેલાડીઓએ શરૂઆતથી જ સંતુલિત રમત દર્શાવી હતી. મુકાબલામાં દબાણની સ્થિતિ ઊભી થઈ ત્યારે ભારતીય તીરંદાજોએ સચોટ નિશાન સાધીને મહત્વના પોઈન્ટ મેળવ્યા હતા.



૧૭ વર્ષની કુમકુમ મોહોડે નિર્ણાયક તબક્કામાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે દબાણ વચ્ચે મહત્વપૂર્ણ તીરો પર ૧૦ પોઈન્ટ મેળવીને ટીમને મજબૂત સ્થિતિમાં પહોંચાડી હતી. અંકિતા ભગતે પોતાના અનુભવનો ઉપયોગ કરીને ટીમને સંભાળી હતી, જ્યારે કીર્તિ શર્માએ પણ ટીમના વિજયમાં મહત્વનું યોગદાન આપ્યું હતું.વર્તમાન એશિયન ગેમ્સમાં તીરંદાજીમાં ભારતનો આ ચોથો ગોલ્ડ મેડલ છે. ભારતે કમ્પાઉન્ડ ટીમ ઈવેન્ટમાં ત્રણેય ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યા છે. હવે મહિલા રિકર્વ ટીમે પણ ગોલ્ડ જીતતાં ભારતીય તીરંદાજોનું પ્રદર્શન વધુ મજબૂત બન્યું છે.

એશિયન ગેમ્સના ૧૩મા દિવસે ભારત કુલ ૬૭ મેડલ સાથે મેડલ ટેલીમાં ૭મા સ્થાને છે. ભારતે અત્યાર સુધીમાં ૧૧ ગોલ્ડ, ૨૩ સિલ્વર અને ૩૩ બ્રોન્ઝ મેડલ જીત્યા છે. તીરંદાજી ઉપરાંત કુશ્તી સહિતની અન્ય રમતોમાં પણ ભારતીય ખેલાડીઓ મેડલ માટે મેદાનમાં ઉતરી રહ્યા છે.

કુશ્તીમાં ભારતના સુજીત કલકલે પુરુષોની ફ્રીસ્ટાઈલ ૬૫ કિલોગ્રામ કેટેગરીમાં શાનદાર જીત મેળવી સેમિફાઈનલમાં સ્થાન મેળવ્યું છે.

# શુભમન ગિલે ઐતિહાસિક ઈનિંગ રમીને એમએસ ધોનીનો ૨૧ વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો



ગુવાહાટી,

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન શુભમન ગિલે એકલા હાથે વેસ્ટ ઈન્ડીઝ સામે ૨૨૩ રનની ઐતિહાસિક ઈનિંગ રમી, જેનાથી ટીમ ઈન્ડિયા ત્રણ મેચની વનડે શ્રેણીની બીજી મેચમાં જીત મેળવી. આ ઈનિંગ સાથે, શુભમન ગિલે ઘણા રેકોર્ડ તોડી નાખ્યા જે વર્ષોથી અતૂટ હતા. આમાંથી એક વર્લ્ડ કપ વિજેતા ભારતીય કેપ્ટન એમએસ ધોની પાસે હતો, અને વિરાટ કોહલી તેને તોડવા માટે સૌથી વધુ સંભવિત દાવેદાર માનવામાં આવતો હતો. જોકે, તે પણ આમ કરવામાં નિષ્ફળ ગયો, અને આ ઈનિંગ સાથે ગિલે ધોનીનો ૨૧ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો.

ભારતીય ટીમ માટે વનડે ક્રિકેટમાં રન ચેઝમાં સૌથી વધુ ઈનિંગ્સનો રેકોર્ડ અગાઉ એમએસ ધોનીના નામે હતો, જેણે ૨૦૦૫માં શ્રીલંકન ટીમ સામે રન ચેઝ કરતી વખતે અણનમ ૧૮૩ રન બનાવ્યા હતા. ત્યારથી તેણે આ રેકોર્ડ પોતાના નામે કર્યો છે. વિરાટ કોહલી પણ આ યાદીમાં છે, તેણે ૨૦૧૨માં મીરપુર ખાતે પાકિસ્તાની ટીમ સામે ટાર્ગેટનો પીછો કરતી વખતે ૧૮૩ રનની ઈનિંગ્સ રમી હતી. જોકે, ૨૦૧૨ની ઈનિંગ્સમાં તેણે પોતાની વિકેટ ગુમાવી દીધી હતી, જેના કારણે કોહલી બીજા સ્થાને રહ્યો હતો. હવે, શુભમન ગિલે આ બંને દિગ્ગજોને પાછળ છોડી દીધા છે અને યાદીમાં ટોચનું સ્થાન મેળવ્યું છે, ભારત માટે રન ચેઝમાં સૌથી વધુ વનડે સદી ફટકારનાર ખેલાડી બન્યો છે.

# રોહિત શર્માએ સદી પૂરી કર્યા પછી પોતાની નવી ઉજવણી શૈલી જાહેર કરી

ગુવાહાટી,

ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચેની ત્રણ મેચની વનડે શ્રેણીની બીજી મેચ ગુવાહાટીના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી. બંને ટીમોએ ૮૧૧ રન બનાવ્યા હતા, જ્યારે ટીમ ઈન્ડિયાએ ૮ વિકેટથી મેચ જીતી હતી, શ્રેણીમાં ૨-૦ની અજેય લીડ મેળવી હતી. આ મેચમાં, વેસ્ટ ઈન્ડીઝે ભારતીય ટીમ માટે ૪૦૬ રનનો વિશાળ લક્ષ્યાંક રાખ્યો હતો, જે ટીમ ૪૩.૩ ઓવરમાં પ્રાપ્ત કરવામાં સફળ રહી હતી. ભારતીય કેપ્ટન શુભમન ગિલે અણનમ બેવડી સદી ફટકારી હતી, જ્યારે હિટમેન રોહિત શર્મા, જેનું ફોર્મ તપાસ હેઠળ હતું, તેણે પણ શાનદાર સદી રમી હતી. જ્યારે



રોહિતે આ મેચમાં તેની સદી પૂરી કરી, ત્યારે તેણે ખૂબ જ અલગ રીતે ઉજવણી કરી, જેનો ઉલ્લેખ તેણે મેચ પછીના પોતાના નિવેદનમાં પણ કર્યો હતો.

વેસ્ટ ઈન્ડીઝ સામેની બીજી વનડેમાં, રોહિત શર્માએ ૭૫ બોલમાં ૧૦૧ રન બનાવ્યા. મેચ પછી બ્રોડકાસ્ટર સાથે વાત કરતા, રોહિતે તેની ઉજવણી શૈલી વિશેના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું, "હું તે ઉજવણી મારી પાસે રાખું છું." કેટલીક વસ્તુઓ ફક્ત તમારી સાથે રહેવી જોઈએ, અને મેં આ મારા માટે કર્યું અને તે શેર કરી શકતો નથી, તેથી હા, તે ઉજવણી મારા માટે હતી. ગિલ સાથે બેટિંગ અંગેના પ્રશ્નના જવાબમાં રોહિતે કહ્યું, "મને લાગે છે કે, જેમ તમે કહ્યું હતું, વિકેટ સારી હતી. અમે ફક્ત બેટિંગ ચાલુ રાખવા માંગતા હતા. સાચું કહું તો, અમે સ્કોરબોર્ડ વિશે વધુ વિચારી રહ્યા ન હતા. અમે ફક્ત બોલની ગુણવત્તા અનુસાર રમવાનો અને ભાગીદારી બનાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. મને લાગે છે કે જ્યારે તમે આવા લક્ષ્યનો પીછો કરી રહ્યા હોવ, ત્યારે તમારે મોટી ભાગીદારી બનાવવી પડે છે, અને અમે તે જ કર્યું." બીજી બાજુ, ગિલ શાનદાર હતો. તેનો સમગ્ર ઈનિંગ દરમિયાન તેની બેટિંગ પર સંપૂર્ણ નિયંત્રણ હતો, અને અંત સુધી અણનમ રહેવું પણ અદ્ભુત હતું.

# "અનુપમા" દ્વારા ઘર-ઘરમાં જાણીતી બનેલી રૂપાલી ગાંગુલીએ તેના પિતાનું અધૂરું સ્વપ્ન પૂર્ણ કર્યું

મુંબઈ,

"અનુપમા" દ્વારા ઘર-ઘરમાં જાણીતી બનેલી રૂપાલી ગાંગુલી ઘણીવાર કોઈને કોઈ કારણોસર સમાચારમાં રહે છે. ક્યારેક તેના શોની સફળતા માટે, ક્યારેક તેના અંગત જીવન માટે. જોકે રૂપાલી ગાંગુલીએ આજે ટોચની ટીવી અભિનેત્રીઓમાંની એક તરીકે પોતાને સ્થાપિત કરી છે, એક સમય એવો હતો જ્યારે તેના પરિવારને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. એક કાર્યક્રમ દરમિયાન, રૂપાલી ગાંગુલીએ પોતાના જીવનના સૌથી મુશ્કેલ દિવસો વિશે વાત કરી અને કેવી રીતે તેના પિતાના નિર્ણય પછી તેના પરિવારે બધું ગુમાવ્યું.



એફસીસીઆઈ ફ્રેમ્સ ૨૦૨૬ કાર્યક્રમ દરમિયાન રૂપાલી ગાંગુલી પોતાના સ્વર્ગસ્થ પિતા અનિલ ગાંગુલીને યાદ કરીને ભાવુક થઈ ગઈ. રૂપાલી ગાંગુલીએ સમજાવ્યું કે તેના પિતા ફિલ્મ નિર્માતા બનવા માંગતા હતા, જેના કારણે તેમણે પોતાના જીવનમાં ઘણા મુશ્કેલ નિર્ણયો લીધા. તે દિવસોમાં, ફિલ્મ નિર્માતાઓ કોર્પોરેટ સિસ્ટમનો ભાગ નહોતા; તેમને પોતાની ફિલ્મો બનાવવા માટે પોતાના પૈસા રોકાણ કરવા પડતા હતા, પોતાના ઘર પણ વેચવા પડતા હતા. રૂપાલી ગાંગુલીએ સમજાવ્યું કે આના કારણે તેના પરિવારે ખૂબ જ મુશ્કેલ સમયનો સામનો કરવો પડ્યો. ધીમે ધીમે, તેના પરિવારે બધું ગુમાવી દીધું. તેના પિતાનું હંમેશા મુંબઈમાં ઘર રાખવાનું સ્વપ્ન હતું.

રૂપાલી ગાંગુલીએ કહ્યું, "મારા પિતા એક ફિલ્મ નિર્માતા હતા. તે સમય હતો જ્યારે લોકો કોર્પોરેટ ફિલ્મ વ્યવસાયનો ભાગ નહોતા. તેઓ પોતાની ફિલ્મો બનાવતા હતા અને તે માટે પોતાના ઘર પણ વેચી દેતા હતા. મારા પરિવારે પણ આવા જ સમયમાંથી પસાર થવું પડ્યું. ધીમે ધીમે અમે બધું ગુમાવ્યું. મારા પિતાનું ફક્ત એક જ સ્વપ્ન હતું: મુંબઈમાં ઘર ધરાવવાનું. હું એક સામાન્ય ભત્રીજાવાદની બાળકી હતી, એક પ્રખ્યાત ફિલ્મ નિર્માતાની પુત્રી. મારા પિતાનું ફક્ત એક જ સ્વપ્ન હતું.

# સુનિતા આહુજાએ કૃષ્ણા અને કાશ્મીરા સાથે પાર્ટી કરી, બેબી પિંક ગ્લિટરી આઉટફિટમાં સ્ટાઈલિશ દેખાતી હતી

મુંબઈ,

ગોવિંદા અને સુનિતા આહુજા એક સમયે બોલિવૂડના નંબર વન કપલ હતા, પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં તેમના સંબંધોમાં તણાવના અહેવાલો સામાન્ય બની ગયા છે. તાજેતરમાં, ગોવિંદાએ તેની "રૂપા" કો-સ્ટાર અને કથિત ગર્લફ્રેન્ડ કોમલ રાની સ્વર્ણકર સાથે લાલબાગચા રાજાની મુલાકાત લીધી હતી, અને ત્યારથી તે સોશિયલ મીડિયા યુઝર્સનું નિશાન બની ગયો છે. તાજેતરમાં, દિવ્યા ખોસલાએ ગોવિંદાની કોમલ રાની સાથેની સફર પર પણ સવાલ ઉઠાવ્યા હતા, જેનો જવાબ સુનિતા આહુજાએ આપ્યો હતો. તેણીએ એક પોસ્ટ શેર કરી હતી જેમાં જણાવ્યું હતું કે તેણી પાસે અભિનેતા અથવા તેના સહ-અભિનેતા વિશે કંઈ કહેવાનું નથી. દરમિયાન, ગોવિંદા સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે, સુનિતાની તેના પરિવાર સાથેની નિકટતા વધુ મજબૂત થઈ રહી છે. તાજેતરમાં, સુનિતા ફરી એકવાર કૃષ્ણા અભિષેક અને કાશ્મીરા શાહ સાથે જોવા મળી હતી.ગોવિંદા સાથે ચાલી રહેલા વિવાદ વચ્ચે, સુનિતા આહુજા ફરી એકવાર કૃષ્ણા અભિષેક અને કાશ્મીરા શાહ સાથે જોવા મળી હતી. તેમનો પુત્ર યશવર્ધન આહુજા પણ હાજર હતો. સુનિતા પાર્ટીમાં ચમકતા બેબી પિંક આઉટફિટમાં પહોંચી હતી અને કશ્મીરાને જોઈને હસવા લાગી હતી. સુનિતા આહુજાનો કાશ્મીરા સાથેનો સંબંધ



હવે ચર્ચાનો વિષય બની ગયો છે. એક સમય હતો જયારે બંને પરિવારો વચ્ચે અણબનાવ હતો, પરંતુ હવે કૃષ્ણા અને કાશ્મીરા ખુલ્લેઆમ સુનિતાને ટેકો આપી રહ્યા છે. સુનિતા આવતાની સાથે જ કાશ્મીરાએ તેને ભેટી પડી અને તેના ગાલ પર ચુંબન કરીને પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો.

પાર્ટી વેન્યુમાં પ્રવેશતા પહેલા, સુનિતા તેની પુત્રવધૂ કાશ્મીરાને ખુલ્લેઆમ લાડ લડાવતી જોવા મળી. બંનેએ સાથે ફોટા પડાવ્યા, અને યશવર્ધન પણ પરિવાર સાથે જોવા મળ્યો. નોંધનીય છે કે, આ સમય દરમિયાન કોઈએ ગોવિંદાનો ઉલ્લેખ કર્યો ન હતો, ફક્ત આનંદ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. એક સમય હતો જ્યારે સુનિતા અને કાશ્મીરા સારા સંબંધોમાં હતા. તેઓ વર્ષો સુધી બોલતા પણ નહોતા. પરંતુ હવે, જેમ જેમ સુનિતા અને ગોવિંદાના સંબંધો વધુને વધુ તણાવપૂર્ણ બનતા જાય છે, કાશ્મીરા સુનિતાને સૌથી વધુ ટેકો આપી રહી છે.

તાજેતરમાં, સુનિતા આહુજાએ ગોવિંદા અને કોમલ રાની સ્વર્ણકરના સંબંધો પર પણ ટિપ્પણી કરી હતી. દિવ્યા ખોસલાની પોસ્ટને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર ફરીથી શેર કરતાં, સુનિતાએ કહ્યું કે તે ગોવિંદા કે તેના સહ-કલાકાર પર કોઈ ટિપ્પણી કરવા માંગતી નથી.

# અભિનેત્રી પ્રત્યુષા બેનર્જી આત્મહત્યા કેસમાં બોમ્બે હાઈકોર્ટે રાહુલ રાજ સિંહને રાહત આપી

મુંબઈ,

ટીવી અભિનેત્રી પ્રત્યુષા બેનર્જીના મૃત્યુના આરોપી રાહુલ રાજ સિંહને બોમ્બે હાઈકોર્ટે રાહત આપી છે. ટીવી સિરિયલ બાલિકા વધુમાં આનંદીનું પાત્ર ભજવીને પ્રત્યુષા ખ્યાતિ પામી હતી. જસ્ટિસ શિવકુમાર દિગેની બેન્ચે ૧ એપ્રિલ, ૨૦૧૬ ના રોજ પ્રત્યુષા અને રાહુલ રાજ વચ્ચે ફાંસી લગાવતા પહેલા થયેલી છેલ્લી વાતચીતના આધારે આ ચુકાદો આપ્યો હતો.

આ કેસ લગભગ ૧૦ વર્ષ જૂનો છે. ૨૪ વર્ષીય પ્રત્યુષા તેના ફ્લેટમાં મૃત હાલતમાં મળી આવી હતી. તેના તત્કાલીન બોયફ્રેન્ડ અને લિવ-ઈન પાર્ટનર, અભિનેતા-નિર્માતા રાહુલ રાજ સિંહ તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર



કરી. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પ્રત્યુષાના ગળા પર નિશાન પણ જોવા મળ્યા.પ્રત્યુષાના માતાપિતાએ રાહુલ પર શારીરિક, માનસિક અને આર્થિક શોષણનો આરોપ લગાવતા પોલીસ ફરિયાદ નોંધાવી હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે રાહુલના ત્રાસને કારણે પ્રત્યુષાએ આ આત્યંતિક પગલું ભર્યું. ત્યારબાદ, રાહુલ વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરણી, હુમલો અને ગુનાહિત ધાકધમકીનો આરોપ લગાવીને એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. દિંડોશી સેશન્સ કોર્ટે રાહુલની ડિસ્ચાર્જ અરજી ફગાવી દીધી હતી, અને તેની સામે આરોપો ઘડવાની પ્રક્રિયા આગળ વધવાની હતી.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ર | અ | મ | વા | ગુ | લા | મ | ક્ષ | કા | કા | અં | પ્રા |
| ગુ | મ | ના | મ | ક્ષ | ડ | શિ | કુ | ગ | તી | વિ | ળ |
| ર | ન | ઉ | ળ | ન | મ | ફ | દ | કુ | ઝ | ર | ધ |
| કુ | પ્રા | ધ | ણ | ર | રો | તા | ક | તી | ક્ષ | લ | વિ |
| ર | ક્ષ | ભો | બ | કા | તી | સ | પ | સા | ગ | કા | ક |
| ળો | અ: | લ | સ | ડ | મ | રી | અ | સ | દ | ધ | ક |
| દ | ચ | દ | રા | ર | સા | મ | ચ | મ | ચી | કા | મા |
| શિ | ક | ધ | બં | વા | ર | દ | કા | ર | લા | મા | ગ |
| કા | ચા | લી | ધ | ગ | સ | ર | ળ | ગુ | ઈ | ઈ | જ્ઞા |
| ર | ર | જ્ઞા | ન | ઓ | લ | બા | ણ | મા | કા | મા | ખ |
| ભો | મ | વ | ધ | પ્ર | ભો | બ | મા | ન | ળો | ણે | તુ |
| વિ | પ્ર | અ | સા | ક | લ | દ | ળો | સ | મા | ફ | ર |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# અજય દેવગણની 'દ્રશ્યમ ૩' ફિલ્મ રિલીઝ પહેલા જ બોક્સ ઓફિસ પર મજબૂત શરૂઆત

મુંબઈ,

અજય દેવગણની લોકપ્રિય ફિલ્મ ફ્રેન્ચાઈઝ 'દ્રશ્યમ'ના ત્રીજા ભાગને લઈને દર્શકોમાં ભારે ઉત્સાહ છે. 'દ્રશ્યમ ૩: ધ કન્ક્લુઝન' માટે એડવાન્સ બુકિંગ શરૂ થતાં જ ટિકિટનું વેચાણ ઝડપથી વધી ગયું છે. શરૂઆતના આંકડા દર્શાવે છે કે ફિલ્મ રિલીઝ પહેલા જ બોક્સ ઓફિસ પર મજબૂત શરૂઆત કરી રહી છે.ડેટા અનુસાર, ફિલ્મનું ઓપનિંગ ડે એડવાન્સ બુકિંગ બુકિંગ ખુલ્યાના ૨૪ કલાકમાં જ ૫ કરોડની આસપાસ પહોંચી ગયું છે. ટ્રેડ અંદાજ મુજબ ફિલ્મ તેના પહેલા દિવસે ૪૦ કરોડથી વધુની કમાણી કરશે.

'દ્રશ્યમ ૩: ધ કન્ક્લુઝન' માટે ચાર શો ડેટ માટે એડવાન્સ બુકિંગ ચાલુ છે. ઉપલબ્ધ ડેટા અનુસાર, ફિલ્મે અત્યાર સુધીમાં એડવાન્સ બુકિંગમાંથી આશરે ૨૬.૭૨ કરોડની કમાણી કરી છે. બ્લોક કરેલી સીટોને બાદ કરતાં, કુલ ટિકિટ આશરે ૧૯.૪૦ કરોડ હોવાનો અંદાજ છે. અત્યાર સુધીમાં ૭.૬૪ લાખથી વધુ ટિકિટ વેચાઈ છે, જ્યારે બ્લોક કરેલી સીટોને બાદ કરતાં, આ સંખ્યા આશરે ૫.૪૪ લાખ છે. કુલ ૨૬,૫૮૧ શો બુક થયા છે, જેમાં ૩૨ શો સંપૂર્ણપણે વેચાઈ ગયા છે.

ફિલ્મના ઓપનિંગ ડે, શુક્રવાર, ૨ ઓક્ટોબર માટે એડવાન્સ બુકિંગમાં સૌથી મોટો ધસારો જોવા મળી રહ્યો છે. પહેલા દિવસે અત્યાર સુધીમાં આશરે ?૧૪.૨૨ કરોડનું એડવાન્સ બુકિંગ નોંધાયું છે, જે પ્રેક્ષકોનો મજબૂત પ્રતિસાદ




દર્શાવે છે. વર્તમાન બુકિંગ ટ્રેન્ડના આધારે, વેપાર ૪૦ કરોડથી વધુની ચોખ્ખી ઓપનિંગની અપેક્ષા રાખે છે. ફિલ્મના રિલીઝને પાંચ દિવસ બાકી છે, તેથી આગામી દિવસોમાં બુકિંગના આંકડામાં વધુ વધારો થવાની ધારણા છે.

રાજયવાર આંકડાઓ પર નજર કરીએ તો, મહારાષ્ટ્ર એડવાન્સ બુકિંગમાં આગળ છે. અહીં, ફિલ્મે બધી ઉપલબ્ધ શો તારીખો માટે આશરે ૮.૨૧ કરોડની કમાણી કરી છે, જે કુલ કમાણીના આશરે ૩૧% છે. દિલ્હી, આશરે ૫.૮૦ કરોડ સાથે, અને ગુજરાત, આશરે ૨.૧૦ કરોડ સાથે, મુખ્ય બજારો છે. ટોચના ૧૦ રાજ્યો ફિલ્મના કુલ એડવાન્સ બુકિંગમાં લગભગ ૯૦% હિસ્સો ધરાવે છે. શહેરોમાં, રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્ર પેકમાં આગળ છે. ફિલ્મે આશરે ૫.૮૦ કરોડ (કુલ કમાણીના આશરે ૨૨%) ની એડવાન્સ બુકિંગ રેકોર્ડ કરી છે. આ પછી, મુંબઈમાં આશરે ૪.૭૬ કરોડ (આશરે ૨.૧૬ કરોડ) અને પુણેમાં ૨.૧૬ કરોડ (આશરે ૨.૧૬ કરોડ) બુકિંગ નોંધાયું. ટોચના ૧૦ શહેરો ફિલ્મના કુલ એડવાન્સ બુકિંગમાં આશરે ૬૭% હિસ્સો ધરાવે છે.

શોટાઈમના આધારે 'દ્રશ્યમ ૩' માટે બુકિંગમાં પણ એક રસપ્રદ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ઉપલબ્ધ માહિતી અનુસાર, સાંજના શો સૌથી ઝડપથી ભરાઈ રહ્યા છે. આશરે ૫,૪૦૬ શો સાથે, સાંજના શોમાં ૧૩% ઓક્યુપન્સી નોંધાઈ છે. દરમિયાન, રાત્રિ શોમાં આશરે ૧૧% ઓક્યુપન્સી જોવા મળી છે, જેમાં આશરે ૮,૪૦૦ શો છે. આ સૂચવે છે કે સાંજના શો દર્શકોની પસંદગી રહ્યા છે.

'દ્રશ્યમ ૩: ધ કન્ક્લુઝન' માટે એડવાન્સ બુકિંગનો સંપૂર્ણ કુલ સંગ્રહ હિન્દી ભાષાના શોમાંથી આવ્યો છે. આજની તારીખમાં, હિન્દી શોમાંથી બુકિંગ ૨૬.૭૨ કરોડ નોંધાયું છે. પાછલા ભાગની લોકપ્રિયતા અને વાર્તા પ્રત્યે પ્રેક્ષકોની ઉત્સુકતાને ધ્યાનમાં રાખીને, ત્રીજા ભાગના પ્રી-સેલ્સ પર નજીકથી નજર રાખવામાં આવી રહી છે. રિલીઝ પહેલાના આ આંકડા ફિલ્મના શરૂઆતના બોક્સ ઓફિસ પ્રદર્શનનું ચિત્ર વધુ રસપ્રદ બનાવી રહ્યા છે.

# જામનગરમાં વ્યસનમુક્તિના સંદેશ સાથે સાઈકલ યાત્રા





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં નશાબંધી અને આબકારી વિભાગ દ્વારા નશાબંધી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. સમૃદ્ધ, સ્વચ્છ અને વ્યસનમુક્ત ગુજરાતના નિર્માણના સંદેશ સાથે સપ્તાહ દરમિયાન વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત જામનગરના ચાંદી બજાર વિસ્તારમાં આવેલા ગાંધીભવન પાસેથી આજે સવારે ૮:૩૦ કલાકે નશાબંધી સપ્તાહના ઉદ્ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'નશામુક્ત ભારત—વ્યસનમુક્ત ગુજરાત'ના સંદેશ સાથે સાઈકલ યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાઈકલ યાત્રાને પર્યાવરણ તથા વાહન વ્યવહાર મંત્રી પ્રવીણભાઈ માળી, શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, શહેર ભાજપ અધ્યક્ષ બીનાબેન કોઠારી, જિલ્લા કલેક્ટર પરિમલ પંડ્યા, મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેનભાઈ મોનાણી, ડેપ્યુટી મેયર રાકેશ ડેર, શાસક પક્ષના નેતા અમર મોદી, દંડક પ્રવીણાબેન રૂપડીયા સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. સાઈકલ યાત્રામાં વિવિધ વર્ગના લોકો જોડાયા હતા અને વ્યસનથી દૂર રહેવા તેમજ સમાજમાં નશાબંધી અને વ્યસનમુક્તિ અંગે જનજાગૃતિ ફેલાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. નશાબંધી સપ્તાહ દરમિયાન વ્યસનમુક્ત સમાજના નિર્માણ માટે વિવિધ જનજાગૃતિ કાર્યક્રમો યોજવામાં આવશે.

## જામનગરમાં કંપનીમાંથી માલ ગાયબના કેસમાં સ્ટોર મેનેજરની એફઆઈઆર રદ કરવાની અરજી પરત

જામનગર : જામનગરની અરજણ પ્રીશીઝન મેટલ પ્રા. લિ. કંપનીમાં સ્ટોકની ચકાસણી દરમિયાન રૂ.૭૦થી ૮૦ લાખની કિંમતનો બ્રાસ, કોપર, સ્ટીલ, ચાંદી પ્લેટિંગનો માલ, ટૂલ્સ તથા ભંગાર સહિતનો સામાન ઓછો હોવાનું સામે આવ્યા બાદ કંપનીના સ્ટોર મેનેજર સહિતના ત્રણ શખ્સો સામે નોંધાયેલી ફરિયાદના કેસમાં આરોપીએ ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલી એફઆઈઆર રદ કરવાની અરજી પરત ખેંચવી પડી છે.

મળતી વિગતો મુજબ, કંપનીમાં એપ્રિલ-૨૦૨૬ દરમિયાન સ્ટોક મેળવણી હાથ ધરવામાં આવી હતી. તે દરમિયાન મશીન કોમ્પોનેન્ટ્સ સહિતનો મોટી કિંમતનો માલ ઓછો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. કંપની દ્વારા આંતરિક રીતે તપાસ હાથ ધરવામાં આવી હતી અને સીસીટીવી ફૂટેજની ચકાસણી દરમિયાન કંપનીમાં છેલ્લા એક વર્ષથી સ્ટોર મેનેજર તરીકે ફરજ બજાવતા દિવ્યેશગીરી સુરજગર ગોસ્વામી તથા અન્ય બે ઈસમો દ્વારા કંપનીની પરવાનગી વિના માલ બહાર લઈ જવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી હતી.

આ મામલે કંપનીના ડાયરેક્ટર દિલીપભાઈ ટેકચંદભાઈ ચંદનાણીએ પોલીસ ફરિયાદ નોંધાવતાં દિવ્યેશગીરી સુરજગર ગોસ્વામી વિરુદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

દરમિયાન આરોપી દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં એફઆઈઆર રદ કરવા માટે ક્વોશિંગ પિટિશન દાખલ કરવામાં આવી હતી. હાઈકોર્ટ સમક્ષ તપાસ અધિકારી દ્વારા રજૂ કરવામાં આવેલ અહેવાલ, સાક્ષીઓના નિવેદનો તેમજ બંને પક્ષોની રજૂઆતો ધ્યાને લેવામાં આવી હતી. એફઆઈઆર રદ કરવા યોગ્ય ન જણાતાં આરોપી તરફથી ક્વોશિંગ પિટિશન વિથડ્રો કરવામાં આવી હતી. આ કેસમાં મૂળ ફરિયાદી કંપની અરજણ પ્રીશીઝન મેટલ પ્રા. લિ. તરફે જામનગરના સિનિયર એડવોકેટ જયેન્દ્રસિંહ એન. ઝાલા, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ નિરલ વી. ઝાલા તથા જીતેન્દ્ર ડી. પટેલ રોકાયેલા હતા.

## ગઢકા ગામે સાત જુગારીની રૂ.૧.૩૦ લાખની મતા સાથે અટકાયત

ખંભાળિયા : કલ્યાણપુર તાબેના ગઢકા ગામમાં પોલીસે દરોડો પાડી સાત શખ્સને જાહેરમાં જુગાર રમતા ઝડપી લઈ સ્થળપરથી રોકડ રકમ, મોબાઈલ ફોન અને મોટરસાયકલો સહિત રૂ. સવા લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના ગઢકા ગામના મેતાસર તળાવના કાંઠે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતા મોહનભાઈ ભોજાભાઈ કછેટીયા, કિશોરભાઈ ગોરધનભાઈ રાઠોડ, દેવશીભાઈ લખમણભાઈ કછેટીયા, રમેશભાઈ હરજીભાઈ ડાભી, રાકેશભાઈ લખમણભાઈ નકુમ, વલ્લભભાઈ કરશનભાઈ કછેટીયા અને પરેશભાઈ કરશનભાઈ રાઠોડ નામના સાત શખ્સને સ્થાનિક પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૩૫૭૦૦ ની રોકડ રકમ તથા રૂ. ૪૫ હજારની કિંમતના સાત નંગ મોબાઈલ ફોન અને રૂ. ૫૦ હજારની કિંમતના ત્રણ નંગ મોટરસાયકલ સહિત કુલમળી રૂ. ૧.૩૦ લાખની મતા કબ્જે લઈ તમામ સામે જુગારધારા ૧૨ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## બોલિવૂડ કપલ રણબીર કપૂર-આલિયા ભટ્ટનું જામનગરના એરપોર્ટ પર આગમન



જામનગર : બોલિવૂડના લોકપ્રિય પાવર કપલ રણબીર કપૂર અને આલિયા ભટ્ટ ગઈકાલ તા.૧ ના રોજ જામનગરના મહેમાન બન્યા હતા. રણબીર કપૂર અને આલિયા ભટ્ટ પોતાની લાડકવાયી પુત્રી સાથે સમી સાંજે મુંબઈથી ખાસ વિમાન મારફતે જામનગર એરપોર્ટ ખાતે પહોંચ્યા હતા. જ્યાં તેઓની ઝલક જોવા માટે ચાહકો પણ ઉમટ્યા હતા. જામનગર એરપોર્ટ પર આગમન બાદ તેઓ એરપોર્ટથી મોટર માર્ગે રિલાયન્સ ગ્રીન્સ તરફ જવા રવાના થયા હતા. મળતી માહિતી મુજબ, રણબીર કપૂર અને આલિયા ભટ્ટ રિલાયન્સ ગ્રીન્સ ખાતે રોકાણ કર્યા બાદ વનતારાની મુલાકાત લેશે અને ત્યાંના મહેમાન બનશે.

## ઓખા-ગોરિંજા સેક્શનમાં વધારાના પાણી નિકાલ માર્ગનું નિર્માણ પૂર્ણ



દ્વારકા : પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને ચોમાસા દરમિયાન ભારે વરસાદને કારણે સર્જાતી પાણીના નિકાલની સમસ્યાને હલ કરવા અને રેલ સંચાલનની સુરક્ષાને મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે ઓખા–ગોરિંજા સેક્શનમાં વધારાના પાણી નિકાલ માર્ગનું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે.

રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનીલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આ વધારાના પાણી નિકાલ માર્ગથી ભારે વરસાદ દરમિયાન પાણીના સરળ પ્રવાહમાં મદદ મળશે તથા રેલવે ટ્રેકની આસપાસ પાણી ભરાવાની સ્થિતિ ઓછી કરી શકાશે. આનાથી અતિશય જળપ્રવાહને કારણે રેલવે ટ્રેકના ધોવાણ તેમજ પાળા (તટબંધ)ને થતા સંભવિત નુકસાનને અટકાવવામાં પણ સહાય મળશે.

નવનિર્મિત વધારાના પાણી નિકાલ માર્ગની લંબાઈ ૧૫ મીટર, પહોળાઈ ૩ મીટર અને ઊંચાઈ ૧.૯ મીટર છે. ભારે વરસાદ દરમિયાન મોટા પ્રમાણમાં પાણી રેલવે ટ્રેકની જમણી બાજુએ એકત્રિત થઈ જતું હતું, જેના કારણે રેલવે ટ્રેક ધોવાઈ જવાનું સતત જોખમ રહેતું હતું. હવે આ વધારાના પાણી નિકાલ માર્ગ મારફતે પાણી રેલવે ટ્રેકની જમણી બાજુથી ડાબી બાજુ વહીને આગળ નેશનલ હાઈવે પર સ્થિત પુલ દ્વારા બહાર નીકળી શકશે. આનાથી પાણીના નિકાલને વધુ અસરકારક બનાવવામાં અને રેલવે ટ્રેકની સુરક્ષાને મજબૂત કરવામાં મદદ મળશે.

આ કામગીરીથી ચોમાસા દરમિયાન રેલ સંચાલનની વિશ્વસનીયતા તેમજ નિયમિતતા જાળવી રાખવામાં મદદ મળશે. પાણી નિકાલની બહેતર વ્યવસ્થાને કારણે પ્રતિકૂળ હવામાનમાં ટ્રેનોના સલામત સંચાલન તથા મુસાફરોને વધુ વિશ્વસનીય રેલ સેવા પૂરી પાડવામાં સહાયતા થશે.

આ મહત્વપૂર્ણ કાર્ય પૂર્ણ કરવા માટે રાત્રે ૨૩:૦૦ વાગ્યાથી સવારે ૪ વાગ્યા સુધી ટ્રાફિક બ્લોક લેવામાં આવ્યો હતો. નિર્માણ કાર્ય નિર્ધારિત સમયમાં સફળતાપૂર્વક પૂર્ણ કરીને બ્લોક સમયસર સમાપ્ત કરવામાં આવ્યો હતો, જેથી રેલ સંચાલન નિર્ધારિત સમયપત્રક મુજબ પુનઃ શરૂ કરી શકાયું.

રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, "ચોમાસા દરમિયાન રેલ સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે. વધારાના પાણી નિકાલ માર્ગથી ભારે વરસાદ દરમિયાન પાણીના અસરકારક નિકાલમાં મદદ મળશે અને રેલવે ટ્રેકને થતા સંભવિત નુકસાનનું જોખમ ઘટશે. આનાથી ટ્રેનોના સુરક્ષિત તેમજ સરળ સંચાલનમાં સહાય મળશે.


### ❋સિક્કા નગરપાલિકા❋

**મુ.સિક્કા તા.જી.જામનગર,પિનકોડ-૩૬૧૧૪૦**
**જા.નં.સિક્કા/નપલ/૫૬૬/૨૬-૨૭,તા.૨૯/૦૯/૨૦૨૬**
**:: જાહેર નિવિદા નં.૧૬ ::**
**:: ઓનલાઈન ટેન્ડર નિવિદા ::**

સિક્કા નગરપાલિકા દ્વારા નીચે મુજબના ટેબલની વિગતેના કામ માટે માન્ય સરકારશ્રીમાં રજીસ્ટર થયેલ ઈજારદારો પાસે ઓનલાઇન ભાવો મંગાવવામાં આવે છે.

| ક્રમ | કામનું નામ | અંદાજીત રકમ | ગ્રાન્ટ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|---|---|
| ૧ | સિક્કા નગરપાલિકા વિસ્તારમાં નવા રેવન્યુ સર્વે નંબર ૧૯૧ની જમીન કુલ ૧૦૦૦ ચો.મી. મા શહેરી વન (Urban Forest) અને ઓક્સિજન પાર્કની કામગીરી. | રૂ. ૮.૩૨ લાખ | SJMMSVY – અર્બન ફોરેસ્ટ | રૂ. ૯૦૦/- | રૂ. ૮૩૨૦/- |

ઉપરોક્ત મંજુરી મળેલ કામોની વધુ વિગત www.tender.nprocure.com પર જોવા મળશે.

ઓન લાઇન ટેન્ડર ભરવાની છેલ્લી તા.૧૬/૧૦/૨૦૨૬ ના ૧૫:૦૦કલાક સુધિ.

ફિઝિકલ બિડ તથા પ્રાઇઝ બિડ ફક્ત રજીસ્ટર એડી./સ્પીડ પોસ્ટ થી જમા કરવાની છેલ્લી તા.૧૯/૧૦/૨૦૨૬ ના ૧૬:૦૦ કલાક સુધિ.
નોંધ : પ્રા. કુરિયરથી જમા કરેલ અથવા પહોચેલ કવર રદ ગણવામાં આવશે.

ટેકનીકલ અને પ્રાઈઝ બીડ ખોલવાની સંભવિત તારીખ:- ૧૯/૧૦/૨૦૨૬ના રોજ ૧૭:૦૦ કલાકે

ઉપરોક્ત કામ અંગે ફીઝીકલ સબમીશનના કવર પર કામનું નામ અચૂક લખવું અન્યથા કવર રદ કરવામાં આવશે.

સદર કામ અંગેના ભાવ મંજુર કે ના મંજુર કરવાની સત્તા નગરપાલિકાની અબાધિત રહેશે જેની નોંધ લેવી.

માહિતી-જામ.-વ.જા.ખ./૪૯૫/૨૦૨૬





"દારૂ માણસને પોતાનું ભાન ભુલાવી દે છે અને જ્યાં સુધી તેની અસર રહે છે, ત્યાં સુધી તે કોઈ પણ ઉપયોગી કામ કરવા માટે તદ્દન અસમર્થ બની જાય છે. જેઓ દારૂ પીવે છે તેઓ પોતાને બરબાદ કરે છે અને પોતાના પરિવારને પણ પાયમાલ કરે છે.

-મહાત્મા ગાંધી

## નિયામક, નશાબંધી અને આબકારી, ગુજરાત રાજ્ય

તા. ૦૨-૧૦-૨૦૨૬ થી તા. ૦૮-૧૦-૨૦૨૬ સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરે છે.

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
ઘર ઘર સ્વદેશી

### સંદેશો

સત્યમેવ જયતે

મહાત્મા ગાંધીજીના આદર્શોથી પ્રેરિત નશાબંધીની નીતિ ગુજરાત રાજ્યની સામાજિક અને નૈતિક પરંપરાનું પ્રતિબિંબ છે. આ માત્ર કાયદાકીય વ્યવસ્થા નથી, પરંતુ નાગરિકોના સુખ-સમૃદ્ધિ, આરોગ્યનું રક્ષણ અને સમાજના નબળા વર્ગોના કલ્યાણ માટેની નૈતિક પ્રતિબદ્ધતા છે.

**૨ થી ૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન ઉજવવામાં આવનાર નશાબંધી સપ્તાહ ગાંધીજીના મૂલ્યોને યાદ કરવાની વધુ એક સુંદર તક છે.** આ અભિયાનને સફળ બનાવવા માટે નાગરિકોની સહભાગિતા અને જનજાગૃતિ અત્યંત આવશ્યક છે.

આ અવસરે **હું ગુજરાત સરકાર અને રાજ્યના તમામ નાગરિકોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.** આ અભિયાનથી સમાજમાં વધુ સ્વસ્થ, સુમેળસભર અને મૂલ્ય આધારિત જીવન માટે સૌને પ્રેરણા મળે તેવી મારી શુભકામનાઓ.

**આચાર્ય દેવવ્રતજી**
**રાજ્યપાલ, ગુજરાત રાજ્ય**

સત્યમેવ જયતે

**નશામુક્ત સમાજનું નિર્માણ સ્વસ્થ, સુખી અને સમૃદ્ધ રાષ્ટ્રના પાયામાં મહત્ત્વપૂર્ણ** યોગદાન આપે છે. વ્યક્તિના સ્વાસ્થ્ય, પરિવારના સુખ-શાંતિ અને સમાજની પ્રગતિ માટે વ્યસન ગંભીર રીતે પડકારરૂપ બને છે. ઘણા લોકો વ્યસનને વ્યક્તિગત નબળાઈની સમસ્યા માને છે. પૂરતી ઇચ્છાશક્તિના અભાવને કારણે વ્યસન પર નિયંત્રણ લાવવું કઠિન બને છે. વ્યસનનો અતિરેક વ્યક્તિના માનસ, વ્યવહારિક જીવન અને સંબંધો પર ગંભીર અસર પહોંચાડી શકે છે. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ ભારત ભ્રમણ કર્યું તે સમયે તેમણે પ્રજાની વ્યથાને અનુભવી અને દેશના નાગરિકો સ્વચ્છતા, સાદગી અને નશામુક્તિના માર્ગ તરફ વળે એ માટે હાકલ પણ કરી હતી. **નાગરિકો સ્વચ્છતા જાળવે અને સાથે સાથે વ્યસનથી પણ દૂર રહે તેનો આગ્રહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ હંમેશાં રાખતા આવ્યા છે.** તેથી વ્યસનમુક્તિ અંગે જાગૃતિ ફેલાવવી અને યુવા પેઢીને નશાના દુષ્પરિણામોથી માહિતગાર કરવી એ સમયની આવશ્યકતા છે.

ગુજરાતની સ્થાપનાથી રાજ્યમાં નશાબંધી-દારૂબંધીનો કડક અમલ અસ્તિત્વમાં છે. ગાંધીજીનું ગુજરાત નશા-દારૂની બદીથી મુક્ત રહે એવા પ્રયાસો અને કાયદાકીય અમલ કરાય તે આવકાર્ય છે. **નશાબંધી અને આબકારી ખાતા દ્વારા મહાત્મા ગાંધીના જન્મદિન તા. ૨ થી ૮ ઓક્ટોબર સુધી "નશાબંધી સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે, તેનું આયોજન અભિનંદનીય છે.** ગુજરાતમાં નશામુક્ત અને તંદુરસ્ત સમાજના નિર્માણ સાથે વિકાસની વાટને વધુ બળવત્તર બનાવવા સરકાર અને સામાજિક સંસ્થાઓના પ્રયાસોને બહોળી સફળતા મળે એવી શુભકામના સાથે કાર્યક્રમમાં સહભાગી સર્વે હિતધારકોને અભિનંદન.

**ભૂપેન્દ્રભાઈ પટેલ**
**મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

સત્યમેવ જયતે

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ એટલે કે **૦૨ ઓક્ટોબરથી ૦૮ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન સમગ્ર રાજ્યમાં ઉજવાઈ રહેલા "નશાબંધી સપ્તાહ" નિમિત્તે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.**

વિકસિત ગુજરાતના નિર્માણમાં વ્યસનમુક્તિ એ સૌથી મહત્વનો પાયો છે. નશો માત્ર સ્વાસ્થ્યને જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજને આર્થિક તથા સામાજિક રીતે બરબાદ કરે છે. રાજ્યની યુવાશક્તિ ખોટા માર્ગે ન ફંટાય અને વ્યસનમુક્ત રહી પોતાની ઊર્જા રાષ્ટ્રના વિકાસમાં લગાવે તે અત્યંત જરૂરી છે. ગુજરાત સરકારે નશાબંધીના કાયદાનો હંમેશા કડક અમલ કર્યો છે, પરંતુ આ લડતને જનઆંદોલન બનાવવી એ આપણા સૌની સામૂહિક જવાબદારી છે.

આવો, આ **'નશાબંધી સપ્તાહ'** નિમિત્તે આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ કે આપણે પોતે વ્યસનોથી દૂર રહીશું અને અન્ય લોકોને પણ નશામુક્ત અને સ્વસ્થ જીવન જીવવા પ્રેરિત કરીશું.

ચાલો, ગાંધીજીના આદર્શોને સાર્થક કરી ગુજરાતને વધુ સમૃદ્ધ, સ્વસ્થ અને ઉજ્જવળ બનાવીએ.

"**વ્યસન મુક્ત ગુજરાત, સમૃદ્ધ ગુજરાત.**"
જય જય ગરવી ગુજરાત!

**હર્ષ સંઘવી**
**નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય**

સત્યમેવ જયતે

પૂજ્ય મહાત્મા ગાંધીજીના જન્મદિન ૨ જી ઓક્ટોબરથી શરૂ થતા **'નશાબંધી સપ્તાહ' (તા.૦૨/૧૦/૨૦૨૬ થી તા.૦૮/૧૦/૨૦૨૬) ની ઉજવણી પ્રસંગે સમગ્ર રાજ્યના નાગરિકોને મારી હાર્દિક શુભકામના.**

**આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબના 'વિકસિત ભારત'ના સ્વપ્નને સાકાર કરવા માટે દેશનું યુવાધન વ્યસનમુક્ત અને સશક્ત બને તે અત્યંત જરૂરી છે.** માનનીય કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહ સાહેબના માર્ગદર્શન હેઠળ દેશમાં નશાની પ્રવૃત્તિઓ સામે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવીને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબ તથા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી સાહેબના સબળ નેતૃત્વ હેઠળ નશાબંધી અને આબકારી ખાતું રાજ્યમાંથી નશાના દૂષણને નાબૂદ કરવા તથા યુવા પેઢીને વ્યસનમુક્ત બનાવવા માટે નિરંતર સરાહનીય પ્રયાસો કરી રહ્યું છે.**

વ્યસન એ માત્ર એક વ્યક્તિનું જ નહીં, પરંતુ સમગ્ર પરિવાર અને સમાજનું પતન નોતરે છે. નશાબંધી અને આબકારી ખાતા દ્વારા આયોજિત આ **'નશાબંધી સપ્તાહ'** દરમિયાન યોજનાર વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા રાજ્યના નાગરિકો અને વિશેષ કરીને યુવાનો વ્યસનના દૂષણથી દૂર રહેવા પ્રેરણારૂપ બનશે.

આપણે સૌ સામૂહિક સંકલ્પ લઈએ અને **'વ્યસનમુક્ત, સુરક્ષિત અને સમૃદ્ધ ગુજરાત'ના** નિર્માણમાં આપણું યોગદાન આપીએ.

**'નશાબંધી સપ્તાહ'** ની ઉજવણીના તમામ આયોજનો સફળ રહે તેવી હાર્દિક શુભેચ્છાઓ!

**કમલેશ પટેલ**
**રાજ્યકક્ષાના મંત્રી, ગુજરાત રાજ્ય**


સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

# જામનગરના રણમલ તળાવ ૩ ખાતે યોજાયુ "સ્વચ્છતા અભિયાન"







જામનગર : શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી દર્શનાબેન વાઘેલા જામનગરના રણમલ તળાવ-૩ ખાતે યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં સહભાગી થયા હતા. આ પ્રસંગે મંત્રીશ્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ 'એક દિન, એક ઘંટા, એક સાથ'ના સંકલ્પ સાથે શ્રમદાન કરી સ્વચ્છતા પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી આસપાસના વિસ્તારની સ્વચ્છતા માટે યોગદાન આપ્યું હતું.

'એક દિન, એક ઘંટા, એક સાથ'ના સંદેશ સાથે યોજાયેલ આ શ્રમદાન પ્રવૃત્તિ દ્વારા સ્વચ્છતા અભિયાનમાં જનભાગીદારીનું મહત્વ ઉજાગર થયું હતું. જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા માટે નાગરિકો પણ નિયમિત રીતે સહભાગી બને અને સ્વચ્છતાને દૈનિક જીવનનો અભિન્ન ભાગ બનાવે તેવો સંદેશ આ કાર્યક્રમના માધ્યમથી આપવામાં આવ્યો હતો. સ્વચ્છતા એ માત્ર કોઈ એક વ્યક્તિ કે સંસ્થાની જવાબદારી ન રહેતા સમગ્ર સમાજની સહિયારી જવાબદારી બને અને જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવામાં નાગરિકોની ભાગીદારી વધે તે હેતુસર આ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, સેવા સંકલ્પ અભિયાન ઉપરાંત ૨ ઓક્ટોબર ગાંધીજયંતિની ઉજવણીના ભાગરૂપે દેશભરમાં સ્વચ્છતા હી સેવા અભિયાનનો પ્રારંભ થયો છે. જેના ભાગરૂપે એક દિન,એક ઘંટા, એક સાથના સંદેશ સાથે આજે સમગ્ર ગુજરાતમાં પણ વિવિધ જાહેર સ્થળો પર સફાઈ અભિયાનો યોજવામાં આવશે.

જામનગરમાં યોજાયેલા સ્વચ્છતા અભિયાનમાં ડેપ્યુટી મેયર રાકેશભાઈ ડેર, જિલ્લા કલેકટર પી.બી.પંડ્યા, જામનગર મહાનગરપાલિકાના કમિશ્નર દીપેશ કેડિયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી, સાશક પક્ષના નેતા અમર મોદી, પ્રાંત અધિકારી એસ.ડી.બારડ, અધિકારીઓ, આગેવાનો, કોર્પોરેટરઓ, સ્વચ્છતાકર્મીઓ તેમજ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહીને લોકોએ સફાઈ કરી હતી.

## સલાયા નગરપાલિકા દ્વારા 'એક કલાક, એક દિવસ, એકસાથે શ્રમદાન' હેઠળ સ્વચ્છતા અભિયાન



તસવીર : આનંદ લાલ-સલાયા

સલાયા : આ અભિયાનમાં સલાયા નગરપાલિકાના ચીફ ઓફિસર વિજય સોલંકી, ઉપપ્રમુખ સાલેમામદ ભગાડ અને અન્ય હોદ્દેદારો જોડાયા હતા. તેમની સાથે સલાયા ભાજપ પ્રમુખ લાલજી ભુવા, મહામંત્રી સુમિત લાલ અને ઉપપ્રમુખ કપિલભાઈ સહિતના કાર્યકરોએ પણ શ્રમદાન કર્યું. સ્વચ્છ અને સુંદર સલાયા બનાવવા માટે જાહેર સ્થળો અને આસપાસના વિસ્તારોમાં સફાઈ કામગીરી હાથ ધરાઈ હતી. હાજર રહેલા સૌએ સ્વચ્છતા જાળવવા અને લોકોને જાગૃત કરવાનો સંકલ્પ લીધો. આ અભિયાન દ્વારા 'સ્વચ્છ સલાયા, સુંદર સલાયા'નો સંદેશ આપવામાં આવ્યો.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર યોજાયેલ તાલીમ કાર્યક્રમમાં ૧૦૦થી વધુ ખેડૂતોને અપાયું જીવંત નિદર્શન



જામનગર : કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર ખાતે બાગાયત ખાતા દ્વારા 'મિશન મધમાખી યોજના' અંતર્ગત "મધમાખી પાલન એક સફળ વ્યવસાય" વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમ કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં જામનગર જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી આવેલા ૧૦૦થી વધુ પ્રગતિશીલ ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં બાગાયત અધિકારી શ્રી વાય. એ. ડેરે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિકો, બાગાયત ખાતાના અધિકારીઓ અને સર્વે ઉપસ્થિત ખેડૂતોને બાગાયત ખાતા દ્વારા મધમાખી પાલન માટે આપવામાં આવતી વિવિધ સહાયલક્ષી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું હતું કે, મધમાખી પાલન એ ફક્ત મધ ઉત્પાદન પૂરતું સીમિત નથી. ધાણા, જીરું, વરિયાળી, લીંબુ, જામફળ, દાડમ અને કેરી જેવા બાગાયતી પાકોમાં મધમાખી દ્વારા થતા પરાગનયનથી ઉત્પાદનમાં ૨૦ થી ૩૦ ટકા સુધીનો નોંધપાત્ર વધારો મેળવી શકાય છે. આ પ્રવૃત્તિ ખેડૂતો માટે ઓછા રોકાણે વધારાની આવક મેળવવાનું એક ઉત્તમ સાધન છે.

ત્યારબાદ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના હેડ ડો. કે.પી.બારૈયાએ ખેડૂતોને મધમાખી પાલનના વૈજ્ઞાનિક પાસાઓ વિશે ઝીણવટભરી માહિતી આપી હતી. તેમણે મધમાખીની મુખ્ય જાતો, વસાહતની રચના, રાણી માખી, નર માખી અને કામદાર માખીની ભૂમિકા વિશે સમજાવ્યું હતું. આ ઉપરાંત મધમાખીની પેટીની રચના અને ગોઠવણ, ઋતુ પ્રમાણે માવજત, ખોરાક વ્યવસ્થાપન, રોગ સામે રક્ષણ, મધ કાઢવાની વૈજ્ઞાનિક પદ્ધતિ તેમજ મીણ, રોયલ જેલી અને પરાગ જેવી આડપેદાશોના આર્થિક મહત્વ વિશે ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા.

આ પ્રસંગે છેલ્લા ઘણા વર્ષોથી સફળતાપૂર્વક મધમાખી પાલન કરતા પ્રગતિશીલ ખેડૂત મેહુલભાઈ ભીમાણીએ પોતાના વ્યવહારુ અનુભવો રજૂ કર્યા હતા. તેમણે પોતાની સાથે લાવેલી મધમાખીની જીવંત પેટી સમક્ષ પ્રત્યક્ષ નિદર્શન આપ્યું હતું. જેમાં મધપૂડાની રચના, મધથી ભરેલી ફ્રેમ, ઈંડા અને લાર્વાવાળી ફ્રેમ, રાણી માખીની ઓળખ, મધ કાઢવાના યંત્રની કામગીરી અને માખી કરડે ત્યારે રાખવાની સાવચેતીઓ અંગે પ્રેક્ટિકલ સમજ આપી હતી. આ નિદર્શનથી ઉપસ્થિત ખેડૂતોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને અનેક ખેડૂતોએ મધમાખી પાલન શરૂ કરવા માટે ઉત્સુકતા દાખવી હતી.

# જામનગર જિલ્લાની વિવિધ કચેરીઓમાં સ્વચ્છતા ઝુંબેશ અને વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાયા







જામનગર : રાજ્ય સરકારના સ્વચ્છતા, સુશાસન અને પર્યાવરણ જાળવણીના સંકલ્પને સાકાર કરવાના હેતુથી જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગરના માર્ગદર્શન હેઠળ 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત જામનગર જિલ્લામાં સ્વચ્છતા તથા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન યોજાયું હતું. આ અભિયાન અંતર્ગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓની કચેરી ઉપરાંત જામનગર જિલ્લાની તમામ છઁસ્ઝ, તમામ નાગરિક સહકારી બેંકો તથા વિવિધ સહકારી સંસ્થાઓના કચેરી પરિસરમાં વ્યાપક સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધિકારીઓ, કર્મચારીઓ તથા સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓએ સ્વયં જોડાઈને કચેરી તથા આસપાસના પરિસરની સફાઈ કરી હતી અને સ્વચ્છ તથા સુઘડ કાર્યસ્થળ જાળવવાનો સંકલ્પ લીધો હતો.

પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાના ઉદ્દેશ્ય સાથે વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું તેમજ વાવેતર કરાયેલા છોડના યોગ્ય જતન અને ઉછેર માટે સંબંધિત સંસ્થાઓને વિશેષ કાળજી રાખવા અનુરોધ કરાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા રજિસ્ટ્રારશ્રીએ જણાવ્યું હતું કે, સ્વચ્છતા અને પર્યાવરણ સંરક્ષણ એ માત્ર એક અભિયાન પૂરતું મર્યાદિત ન રહેતા આપણી દૈનિક જવાબદારી અને જીવનશૈલીનો સક્રિય ભાગ બને તે સમયની માંગ છે. જિલ્લાની તમામ છઁસ્ઝ, સહકારી બેંકો અને સંસ્થાઓના અધિકારીઓ તથા કર્મચારીઓની ઉત્સાહભેર ભાગીદારી સાથે યોજાયેલા આ કાર્યક્રમ દ્વારા સમાજમાં 'સ્વચ્છ કચેરી, સ્વચ્છ પરિસર, હરિયાળું જામનગર'નો પ્રેરણાદાયી સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો.

# જૂની સિરીઝમાં સિલ્વર-ગોલ્ડન નંબર માટે ઈ-ઓક્શન પ્રક્રિયામાં અરજી જોગ

જામનગર : જામનગર જિલ્લાના મોટરીંગ પબ્લિકના વાહન માલિકો માટે ટુ વ્હીલર, ટ્રાન્સપોર્ટ(HGV, HPV) તેમજ કન્સ્ટ્રક્શન ઈક્વિપમેન્ટ (OTH) પ્રકારના વાહનો માટેની તમામ જૂની સીરીઝમાં બાકી રહેલા સિલ્વર-ગોલ્ડન નંબર માટે ઈ-ઓક્શનની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.

જેમાં ઓનલાઈન અરજી કરવા માટે આગામી તા.૧/૧૦ થી ૩/૧૦ બપોરે ૪ કલાક સુધી, ઈ-ઓકશન બિડિંગ કરવાનો સમયગાળો તા.૩/૧૦ થી ૫/૧૦ બપોરે ૪ કલાક સુધી અને ઈ-ઓક્શનનું પરિણામ તા. ૫/૧૦ બપોરે ૪ કલાકે જાહેર કરવામાં આવશે.

ઈ-ઓક્શનમાં ભાગ લેનાર વાહન માલિકો સૌ પ્રથમ WWW.PARIVAHAN,GOV.IN વેબસાઈટ પર જઈને રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ યુઝર આઈડી અને પાસવર્ડ મેળવવાનું રેહશે. ત્યારબાદ વેબ સાઈટ પર લોગીન કરીને વાહન ખરીદીના દિવસ-૭ની અંદર ઓનલાઈન CNA ફોર્મ ભરવાનું રેહશે. વાહન માલિક ગોલ્ડન અને સિલ્વર અને અન્ય પસંદગીના નંબર પરથી કોઈ એક નંબર પસંદ કરીને ઓનલાઈન પેમેન્ટ પ્રક્રિયા પૂર્ણ કરી ને ઓનલાઈન રસીદ મેળવી લેવાની રેહશે. વાહન માલિક પોતાની બીડ ઉપરોક્ત દર્શાવેલ સમય ગાળા દરમિયાન ૧૦૦૦નાં ગુણાંકમાં વધારી શકશે. ઈ-ઓકશનના અંતે નિષ્ફળ થયેલ અરજદારોએ રિફંડ માટે પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી જામનગરનો સંપર્ક કરવાનો રેહશે. પસંદગીનાં લાગેલ નંબરવાળા અરજદારોએ બાકી રકમનું ચુકવણું ઓનલાઈન દિવસ-૫માં કરવાનું રહેશે.

જેમાં નિષ્ફળ ગયે પસંદગીનાં નંબરની ફીનું રિફંડ મળશે નહિ જેની નોંધ લેવી. ઓકશનમાં ભાગ લેનાર વાહન માલિકનાં તમામ દસ્તાવેજો ડીલર કક્ષાએ ખરાઈ કરી અપલોડ કરેલાં હોવા જોઈએ તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી જામનગરની યાદીમાં જણાવાયું છે.

## દરેડમાં જુગાર રમતી પાંચ મહિલા સહિત છ શખ્સની અટકાયત

જામનગર : જામનગર નજીક દરેડ ખાતે જાહેરમાં જુગાર રમતી પાંચ મહિલા સહિત ૬ શખ્સની સ્થાનિક પોલીસે દરોડા દરમિયાન રોકડ રકમ સાથે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી આરંભી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરના દરેક ગામે ગોકુલધામ સોસાયટી શેરી નં. ૪ ખાતે જાહેરમાં ગંજીપાના પાના વડે તીનપતી નામનો જુગાર રમતી જશુબેન મહેન્દ્રભાઈ ચાંદ્રા, આશાબેન કલ્પેશભાઈ ખોળદીયા, જોશનાબા ગંભીરસિંહ જાડેજા, પુજાબા રાજેન્દ્રસિંહ ગોહિલ, ભારતીબેન દિલીપભાઈ પાણખાણીયા નામની મહિલાઓ અને સંજય હેમંતભાઈ મકવાણા નામના પુરુષ સહિત ૬ શખ્સને પંચકોશી બી ડિવિઝન પોલીસે ઝડપી લઈ સ્થળપરથી રૂ. ૬૭૩૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

## સિક્કા અને મેઘપરમાંથી બે બાઈકની ચોરી

જામનગર : મેઘપર (પડાણા) પોલીસ મથકમાં અલગ-અલગ બનાવમાં બે મોટરસાઈકલ ચોરીની ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ બનાવ મેઘપર-પડાણા વિસ્તારમાં નવી ખાનગી કંપનીની ટાઉનશિપ સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ નં. જીજે-૧૦-ડીએલ-૦૪૨૩, કિંમત રૂ.૨૫,૦૦૦, અજાણ્યો ચોર ચોરી કરી ગયો હતો. આ અંગે ફરિયાદી અવેશભાઈ ઓસમાણભાઈ બસરએ ફરિયાદ નોંધાવતા મેઘપર (પડાણા) પોલીસે બી.એન.એસ. કલમ-૩૦૩(૨) મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જ્યારે સિક્કા ગામના ગોકુલપુરી વિસ્તારમાં પાર્ક કરેલી હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ નં. જીજે-૧૦-સીજે-૯૫૪૯, કિંમત રૂ.૧૫,૦૦૦, અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હતો. આ અંગે સામરાજભાઈ રણમલભાઈની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ખેલ મહાકુંભમાં આરંભડાની વિદ્યાજ્યોતિ ગર્લ્સ હાઈસ્કૂલની શાનદાર સિદ્ધિ

### ખો-ખો ટીમે તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમાંક મેળવી શાળાનું નામ રોશન કર્યું





આરંભડા : દ્વારકાનાં આરંભડા ખાતે આવેલી વિદ્યાજ્યોતિ ગર્લ્સ હાઈસ્કૂલની વિદ્યાર્થીનીઓએ ખેલ મહાકુંભ સ્પર્ધામાં ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે.

ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી ખો-ખો સ્પર્ધામાં વિદ્યાજ્યોતિ ગર્લ્સ હાઈસ્કૂલની ટીમે તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.

ટીમની ખેલાડીઓએ સમગ્ર સ્પર્ધા દરમિયાન ઉત્સાહ, ટીમવર્ક અને રમતગમતની ભાવના સાથે શાનદાર પ્રદર્શન કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું. વિદ્યાર્થીનીઓની આ સિદ્ધિથી શાળા પરિવાર તેમજ આરંભડા વિસ્તારમાં આનંદની લાગણી પ્રસરી હતી. આ સફળતા બદલ શાળાના આચાર્યા તથા સમગ્ર શિક્ષકગણ દ્વારા ખો-ખોની વિજેતા ટીમની વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં યોજાનારી ઉચ્ચ કક્ષાની સ્પર્ધાઓમાં પણ તેઓ વધુ સારું પ્રદર્શન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### હોમગાડર્ઝ અને આરટીઓ દ્વારા ખીજડીયા બાયપાસ પાસે

# માતાના મઢ જતા પદયાત્રીઓની સુરક્ષા માટે રેડિયમ રિફ્લેક્ટર કેમ્પ શરૂ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત જિલ્લા હોમગાર્ડઝ અને આર.ટી.ઓ. વિભાગના સંયુક્ત ઉપક્રમે ગામેગામથી માતાના મઢ પગપાળા જતાં પદયાત્રીઓની સુરક્ષા અને સલામતી માટે તથા માર્ગ અકસ્માતો નિવારવાના ઉમદા હેતુથી એક વિશેષ સુરક્ષા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ખીજડીયા બાયપાસ પાસે આવેલા ટાટા મોટર્સ પાસે આજથી પાંચ દિવસ સુધી ચાલનારા આ રેડિયમ રિફ્લેક્ટર કેમ્પનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. રાત્રિના સમયે કે ધુમ્મસભર્યા વાતાવરણમાં રોડ પરથી પસાર થતાં પદયાત્રીઓ તેમજ વાહનો દૂરથી જ સ્પષ્ટપણે જોઈ શકાય તે માટે આ રેડિયમ રિફ્લેક્ટર લગાવવાની સરાહનીય કામગીરી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે. આ પ્રસંગે આર.ટી.ઓ. ચૌધરી, નાયબ પોલીસ અધિક્ષક પંડ્યા, જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા સહિત મોટી સંખ્યામાં હોમગાર્ડઝના જવાનો અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા દ્વારા તમામ પદયાત્રીઓ અને વાહનચાલકોને આ સુરક્ષા ઝુંબેશનો લાભ લેવા અને માર્ગ સલામતી જાળવવામાં સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જામનગરમાં કરાર આધારિત કાયદા સલાહકારની જગ્યા માટે અરજીઓ મંગાવાઈ

જામનગર : જામનગર જિલ્લાની કલેક્ટર કચેરી તેમજ તાબાની તમામ પ્રાંત કચેરીઓ અને મામલતદાર કચેરીઓ સામે ચાલતા કોર્ટ કેસોમાં સરકાર પક્ષે સબળ રજૂઆત થઈ શકે અને અસરકારક બચાવ થઈ શકે તે હેતુથી કલેક્ટર કચેરી, જામનગર ખાતે કરાર આધારિત કાયદા સલાહકારની ૧ (એક) જગ્યા માટે સરકારના મહેસૂલ વિભાગ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ જગ્યા પર નિમણૂંક આપવા માટે યોગ્ય ઉમેદવારોની પેનલ તૈયાર કરવાના ભાગરૂપે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે.

આ જગ્યા માટે વકીલ તરીકેનો ઓછામાં ઓછો ૫ વર્ષથી વધુનો પ્રેક્ટિસનો અનુભવ હોય તેમજ ૫૦ વર્ષથી વધુ વય ન હોય તેવા વકીલઓ અરજી કરવા માટે પાત્ર બનશે. ઉમેદવારોએ તેમની અરજી નિયત નમૂનામાં પોતાના લેટરપેડ અથવા કોરા કાગળ પર ભરીને જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત અને અનુભવના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો તેમજ નિયત નમૂનાના ડેકલેરેશન ફોર્મ અને બાંહેધરી સાથે તા. ૮/૧૦ના સાંજે ૧૮:૧૦ કલાક સુધીમાં કલેક્ટર કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાની રહેશે. નિમણૂંક મેળવનાર ઉમેદવારે સેવાની શરતો અને તેમની સામાન્ય ફરજો તથા જવાબદારીઓ સરકારશ્રીના વખતોવખતના હુકમો મુજબ બજાવવાની રહેશે. અરજીનો નમૂનો, પરિશિષ્ટ-૧ થી ૩ અને ડેકલેરેશન ફોર્મ જિલ્લા સેવા સદન, શરુ સેકશન રોડ, કલેક્ટર કચેરીની મેજિસ્ટ્રેરીયલ શાખા (રૂમ નં.૧૧૦, પહેલો માળ) ખાતેથી કચેરી સમય દરમિયાન મેળવી શકાશે. મુદત વિત્યા બાદ આવેલી કે અધૂરી વિગતોવાળી અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં, તેમજ રૂબરૂ મુલાકાત માટે ઉમેદવારે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે, તેમ જિલ્લા કલેક્ટર જામનગરની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

### જાણીતા આંખના તબીબ ડૉ. અમિત મહેતાના માતાનું નિધન

જામનગર : જામનગર નિવાસી સવિતાબેન જયંતીલાલ મહેતા (ઉ.વ. ૯૩) તે નિલેશ મહેતા, ડૉ અમિત મહેતા અને માલિની શાહના માતા તથા સોહીલ મહેતા, ડૉ રૂચિર મહેતા અને ડૉ સમીપ મહેતાના દાદી તા. ૧-૧૦ ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું આવતીકાલ તા. ૩/૧૦ શનિવારે સવારે ૯-૩૦ કલાકે પગારી નં ૧, ઓશવાળ સેન્ટર, જામનગર ખાતે રાખવામાં આવેલ છે. આજરોજ સવારે સદગતની અંતિમયાત્રામાં નગરના શ્રેષ્ઠીઓ, રાજકીય અગ્રણીઓ, તબીબો સહિત બહોળી સંખ્યામાં લોકો જોડાયા હતા.



# ૨ ઑક્ટોબર
# ગાંધી જયંતી

**પૂજ્ય મહાત્મા ગાંધીજી**ની
જન્મ જયંતીના અવસરે
**સર્વધર્મ પ્રાર્થના સભા**

**: ગરિમામયી ઉપસ્થિતિ :**

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

**તારીખઃ** ૨ ઑક્ટોબર, ૨૦૨૬, શુક્રવાર
**સમયઃ** સવારે ૮-૦૦ વાગે
**સ્થળઃ** મહાત્મા ગાંધી જન્મ સ્થળ, કીર્તિમંદિર, પોરબંદર

सत्यमेव जयते
ગુજરાત સરકાર

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

## સ્વદેશી વ્રત
## આ યુગનું **મહાવ્રત** છે
- મહાત્મા ગાંધી

**મહાત્મા ગાંધીજીને જન્મ જયંતી**
**નિમિત્તે શત્ શત્ નમન**



"ભારતના લોકોની મહેનત અને કૌશલ્યથી બનેલી 'મેઇડ ઇન ઇન્ડિયા' વસ્તુઓ ખરીદવાનો સંકલ્પ કરીએ"
- **નરેન્દ્રભાઇ મોદી**, વડાપ્રધાન







**સ્વચ્છતા**
અને
**સ્વદેશી**
અપનાવીએ

સ્વચ્છતા અને સ્વદેશીનો સંકલ્પ એ માત્ર પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ જ નથી, પરંતુ **'આત્મનિર્ભર ગુજરાત'** અને **'વિકસિત ભારત'** ના નિર્માણનો સૌથી મજબૂત પાયો છે. - **હર્ષ સંઘવી,** નાયબ મુખ્યમંત્રી, ગુજરાત